RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 142 Dt. 15-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# વોટ ચોરી પ્રશ્ને કોંગ્રેસની મહારેલી

## RSSની વિચારધારા દેશ માટે ખતરારૂપ : રાહુલ ગાંધી

## પ્રિયંકા ગાંધીનો ૬૫ લાખ વોટ કાપ્યાનો આરોપ

### રાહુલની લડાઈને મજબુત કરવા ખડગેનું આહ્વાન : કોંગ્રેસના DNAમાં સત્ય અને ભાજપના DNAમાં અસત્ય અને વોટ ચોરી : રાહુલ ગાંધી

નવી દિલ્હી. તા.૧૪
કોંગ્રેસ પક્ષ દ્વારા આજે રવિવારે દિલ્હીના રામલીલા મેદાનમાં 'વોટ ચોર ગાદી છોડ' હેઠળ એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં કોંગ્રેસના ટોચના નેતાઓએ કેન્દ્ર સરકાર અને ભાજપ પર ચૂંટણીમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવ્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ ભાજપ-આરએસએસ ગરીબો માટે ખતરો હોવાનો, જ્યારે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ બંધારણ ખતમ કરી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. જ્યારે કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ ચૂંટણી ચોરીનો મુદ્દે ઉઠાવી કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા હતા.

કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ રેલીને સંબોધતા કહ્યું હતું કે, 'ભાજપ તમામ મુદ્દે પ્રચાર કરે છે, જ્યારે સંસદ શરૂ થાય, ત્યારે મોદી બહાર જતા રહે છે, સંસદમાં આવતા નથી અને તેઓ રાહુલ ગાંધી પર સવાલ કરે છે. રાહુલ ગાંધીએ પ્રશ્નો કર્યા તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી જવાબ આપતા નથી. ખડગેએ આક્ષેપ કરીને કહ્યું હતું કે, 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભાજપ ગરીબો માટે સૌથી મોટો ખતરો છે. બંધારણે તમને મતનો અધિકાર આપ્યો છે, તે અધિકાર જતો રહેશો તો તમે શું કરશો. વોટ ચોરી કરનારાઓ વિરુદ્ધ લડી રહ્યા છીએ. કોંગ્રેસની વિચારધારા જ દેશને બચાવી શકે છે. રાહુલ ગાંધી દેશ માટે લડી રહ્યા છે, તેથી આપણે તેમની લડાઈને મજબૂત કરવી પડશે. જો તમે કોંગ્રેસના વિચારોને મજબૂત નહીં કરો તો તમને નુકસાન થશે, તેમને નહીં. જો દેશ બચાવો હોય તો તમે તમારા માટે ઉભા રહો.'

રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'આરએસએસ પ્રમુખ મોહન ભાગવતની મનુસ્મૃતિની વિચારધારા દેશને ખતમ કરી દેશે. તેઓ હિન્દુત્વના નામે ગરીબોને ગુલામીમાં રાખવા માંગે છે. કોંગ્રેસે દેશને આઝાદી અપાવી છે. રાહુલે વધુમાં કહ્યું હતું કે, 'કોંગ્રેસના ડીએનએમાં સત્ય છે, જ્યારે તેમના ડીએનએમાં અસત્ય અને વોટ ચોરી છે. અમે સત્યથી મોદી-શાહ આરએસએસની સરકાર હટાવીશું. આખા દેશને અમારી સચ્ચાઈની ખબર પડશે. વોટ ચોરી કરવી તે ડો બાબા સાહેબ આંબેડકરના બંધારણ પર હુમલો ગણાવ્યો હતો. આ લોકો વોટ ચોરી કરીને સરકાર ચલાવે છે. તેઓએ નોટબંધી કરી નાના વેપારીઓને નુકસાન પહોંચાડ્યું છે. જો તેઓ વોટ ચોરી ન કરતા હોત તો પાંચ મિનિટમાં તેમની સરકાર પડી જાત.'

રાહુલે કહ્યું કે, 'મોદી-શાહે વોટ ચોરી કરીને ચૂંટણી જીતી છે, જે તમામ લોકો જાણો છે. કર્ણાટકમાં લાખો મતદારોના નામ ડીલીટ થયા, જ્યારે મહારાષ્ટ્રમાં નવા મતદારો જોડવામાં આવ્યા છે. અમે ચૂંટણી પંચને પૂછ્યું તો તેઓએ કોઈ જવાબ ન આપ્યો. હવે આ દેશમાં સત્યની જીત થવાની છે. વડાપ્રધાનનો કોન્ફિડન્સ ખતમ થઈ ગયો છે, તેઓ જાણે છે કે, તેમની ચોરી પકડાઈ ગઈ છે. હરિયાણામાં પણ વોટ ચોરી કરવામાં આવી. બ્રાઝિલની મહિલાએ ૨૨ વખત મતદાર કર્યું, ઉત્તર પ્રદેશના લોકોએ હરિયાણા જઈ મતદાન કર્યું, ત્યાં પણ મત આપે છે અને અહીં પણ મત આપે છે. તેઓએ ચૂંટણી સમયે ૧૦-૧૦ હજાર રૂપિયા વેંચ્યા, ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, સુખબીર સિંહ, વિવેક જોશી ભાજપ સાથે મળીને કામ કરે છે.'

### બેટિંગ એપ્સ PM ઓફિસના અધિકારીઓ ચલાવતા'તા : પ્રિયંકા ગાંધી

**પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન મોદી અને ચૂંટણી પંચ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે 'તેઓ મોટા રાષ્ટ્રપતિઓ સાથે હાથ મિલાવીને ફોટા પડાવે છે, પણ જનતાના દુઃખમાં તેમની સાથે ઊભા રહેતા નથી. બેટિંગ એપ્સ પીએમ ઓફિસના અધિકારીઓ દ્વારા ચલાવવામાં આવી રહી હતી, જેના પર કોઈ ચર્ચા થતી નથી. દેશમાં નાગરિકોના વોટનો અધિકાર છીનવાઈ રહ્યો છે, જે લોકશાહીનો પાયો છે. કોંગ્રેસ જનતાના આ અધિકારોની રક્ષા કરવા માટે લડતી રહેશે અને ક્યારેય ઝૂકશે નહીં.**




# સુપ્રીમ પાસેથી પુરાવા પરત માંગતું રામજન્મભૂમિ ટ્રસ્ટ

## પુરાવાઓને મંદિર સંકુલમાં રામાયણ કાળ સાથે સંબંધિત ઘટનાઓની એક ખાસ ગેલેરીમાં ભક્તોના દર્શન માટે મૂકાશે

નવી દિલ્હી, તા.૧૪
શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે રામ મંદિર-બાબરી મસ્જિદ વિવાદમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ઉપયોગમાં લેવાયેલા ઐતિહાસિક પુરાવા પરત માંગવાનો નિર્ણય લીધો છે. પુરાવાઓને અયોધ્યામાં બંધાતા ભવ્ય રામ મંદિર સંકુલના સંગ્રહાલયમાં સાચવીને પ્રદર્શિત કરવામાં આવશે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા ખોદકામ દરમિયાન મળેલા અને રામ મંદિરના ઐતિહાસિક નિર્ણયનો આધાર બનેલા તમામ પુરાતત્વીય પુરાવા હાલમાં સુપ્રીમ કોર્ટના કબજામાં છે. ટ્રસ્ટ હવે કોર્ટને આ દસ્તાવેજો અને પુરાવા પરત કરવાની વિનંતી કરતો ઔપચારિક પત્ર લખશે તેવી વિગતો મળી રહી છે.

રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે, 'હવે નિર્ણયને પડકારવા માટે કોઈ ન હોવાથી,



કોર્ટને ઐતિહાસિક પુરાવા ટ્રસ્ટને સોંપવા વિનંતી કરવામાં આવશે. આ પુરાવાઓને મંદિર સંકુલમાં રામાયણ કાળ સાથે સંબંધિત ઘટનાઓની એક ખાસ ગેલેરીમાં ભક્તોના દર્શન માટે સાચવવામાં આવશે.' તેવું રામજન્મભૂમિ ટ્રસ્ટે જાહેર કર્યું છે.

આ સંગ્રહાલય અને ખાસ ગેલેરીઓના વૈજ્ઞાનિક પ્રસ્તુતિ અને નિર્માણ માટે IIT ચેન્નાઈ સાથે એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ ગેલેરીઓ માર્ચ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. ખોદકામ દરમિયાન મળેલા પ્રાચીન અવશેષો તેમજ રામાયણ કાળની મહત્ત્વપૂર્ણ ઘટનાઓને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રદર્શિત કરશે.

રામ મંદિર સંકુલ ફક્ત ધાર્મિક સ્થળ તરીકે જ નહીં પરંતુ સંશોધન કેન્દ્ર તરીકે પણ સેવા આપશે. ટ્રસ્ટ ભારત અને વિદેશમાં લોકપ્રિય વિવિધ પ્રાચીન રામાયણની નકલો રાખવાની યોજના ધરાવે છે. વારાણસી સંસ્કૃત યુનિવર્સિટીમાંથી વાલ્મીકિ રામાયણની પ્રાચીન નકલ મેળવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જે મંદિરના ગર્ભગૃહમાં મૂકવામાં આવશે. આ સંગ્રહાલયની સ્થાપનાથી ભાવિ પેઢીઓને રામ જન્મભૂમિના લાંબા સંઘર્ષ અને પુરાતત્વીય ઈતિહાસને પ્રત્યક્ષ રીતે સમજવાની તક મળશે તેવું મનાય છે.

## બાંકીપુર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય

# ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ બનતા નીતિન નબીન

પટના, તા.૧૪
ભાજપએ એક મોટો સંગઠનાત્મક નિર્ણય લેતા બિહાર સરકારમાં મંત્રી રહેલા નીતિન નબીનને પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે. આ નિમણૂકને બિહાર તેમજ રાષ્ટ્રીય રાજકારણમાં ભાજપની વ્યૂહાત્મક મજબૂતી તરીકે જોવામાં આવી રહી છે. પાર્ટી નેતૃત્વએ તેમના સંગઠનાત્મક અનુભવ, પાયાના સ્તરે હાજરી અને વહીવટી ક્ષમતાઓને ટાંકીને તેમને આ મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપી છે.

નીતિન નબીન હાલમાં પટના બાંકીપુર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય છે. તેઓ વિદ્યાર્થી રાજનીતિથી લઈને સંગઠનના અલગ અલગ પદો સુધી સફર નક્કી કરી ચૂક્યા છે. તેમની ઓળખ એક શિસ્તબદ્ધ આયોજક અને ઝડપી નિર્ણય લેનારા તરીકે છે. તેમણે



બિહાર ભાજપમાં અનેક મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી છે, જેમાં રાજ્ય સ્તરે સંગઠનને મજબૂત બનાવવાનો સમાવેશ થાય છે.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, નીતિન નબીન માત્ર મંત્રી તરીકે પાછા ફર્યા નહોતા, પરંતુ તેઓ બાંકીપુર વિધાનસભા બેઠકને સતત જાળવી રાખીને ભાજપના એક મજબૂત શહેરી નેતા તરીકે પોતાનું કદ વધારી રહ્યા છે.બિહારનું રાજકારણ તેના સ્વભાવમાં જેટલું જટિલ છે, તેટલું જ પરિવર્તનશીલ પણ છે. દરેક ચૂંટણી નવા સમીકરણો અને નવા સંદેશાઓ લઈને આવે છે. પરંતુ આ બદલાવ વચ્ચે કેટલાક ચહેરાઓ એવા હોય છે જે રાજકારણને સ્થિરતા અને જનતાને વિશ્વાસ આપે છે. નીતિન નબીન આવું જ એક નામ છે. તેમણે સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે ન

માત્ર પોતાની બેઠક જાળવી રાખી છે, પરંતુ સતત પાંચ વખત જીત મેળવીને ભાજપ ના શહેરી અને બૌદ્ધિક મતદારોના આધારને સ્થાયી બળ આપ્યું છે.તજજ્ઞો કહેતા હતા કે ૨૦૨૫ની બાંકીપુર ચૂંટણી અનેક રીતે રસપ્રદ હતી. રાજકીય વાતાવરણ બદલાઈ રહ્યું હતું, પરંતુ આ બધાની વચ્ચે જો કોઈ બાબત અડગ રહી હોય, તો તે નીતિન નબીન પ્રત્યેનો જનતાનો વિશ્વાસ હતો. આ વખતે તેમણે પોતાના હરીફને ૪૭૫૨૪ મતોના જંગી અંતરથી હરાવ્યા હતા. તેમને મળેલા ૧,૦૦૪૮૫ મત માત્ર એક આંકડો નથી, પરંતુ બાંકીપુરના લોકોએ વર્ષોથી તેમના કામ અને સહેલાઈથી ઉપલબ્ધતા પર મૂકેલા ભરોસાની અભિવ્યક્તિ હોવા નુંમનાય છે.

નીતિન નબીનની રાજકીય યાત્રા અચાનક શરૂ થઈ નથી. તેઓ સ્વર્ગસ્થ ભાજપના નેતા તેમના પિતાના જનસેવા, શુદ્ધતા અને રાજકીય સાદગીના વારસાને આગળ ધપાવે છે.૨૦૦૬ની પેટાચૂંટણીમાં પ્રથમ જીત બાદ તેમણે ખૂબ સંતુલન સાથે દરેક પગલું ભર્યું છે. ૨૦૦૮ના સીમાંકન બાદ બનેલી નવી બાંકીપુર બેઠક પર પણ પાર્ટીએ તેમના પર ભરોસો મૂક્યો, અને તેમણે દરેક વખતે એ ભરોસો બમણો કરીને પાછો આપ્યો છે

# મેક્સિકોના ટેરિફથી ૫૨૦૦૦ કરોડના ફટકાની શક્યતા

## ૫૦ ટકા ટેરિફથી ભારતની વધશે મુશ્કેલી : નિકાસકારોમાં ચિંતાનું મોઝું : પહેલી જાન્યુઆરી ૨૦૨૬થી લાગુ થવાની શક્યતા

નવીદિલ્હી, તા.૧૪
મેક્સિકો દ્વારા ભારત અને ચીન સહિત અનેક એશિયન દેશો પર ૫૦% સુધી ટેરિફ વધારવાની જાહેરાત કરવામાં આવતા ભારતીય નિકાસકારોમાં ગંભીર ચિંતા ઊભી થઈ છે. ભારતની મેક્સિકોમાં થતી ૫૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની વાર્ષિક નિકાસ પર આ ટેરિફની ગંભીર અસર પડી શકે છે. આ ટેરિફ પહેલી જાન્યુઆરી ૨૦૨૬થી લાગુ થવાની શક્યતા છે.મેક્સિકન કોંગ્રેસના બંને ગૃહો દ્વારા ૧૧મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ આ ટેરિફ વધારાને મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણય એવા દેશોથી થતી આયાતને લક્ષ્ય બનાવે છે જેમની પાસે મેક્સિકો સાથે મુક્ત વેપાર કરાર (ઋઝઅ) નથી, જેમાં ભારત, ચીન, દક્ષિણ કોરિયા, થાઇલેન્ડ અને ઈન્ડોનેશિયાનો સમાવેશ થાય છે. મેક્સિકો આશરે ૧,૪૬૩ વસ્તુઓ પર ૫% થી ૫૦% સુધીની આયાત ડ્યુટી લાદશે.

મેક્સિકોના આ નિર્ણય સામે ભારત સરકારે ઔપચારિક રીતે સખત વાંધો વ્યક્ત કર્યો છે અને ભારતીય નિકાસકારોના હિતોનું રક્ષણ કરવા માટે યોગ્ય પગલાં લેવાનો અધિકાર અનામત રાખ્યો છે. આ મામલે વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ અને મેક્સિકોના નાયબ અર્થતંત્ર મંત્રી લુઈસ રોસેન્ડોએ પહેલેથી જ ઉચ્ચ સ્તરીય બેઠક યોજી છે, અને ટૂંક સમયમાં વધુ બેઠકો યોજાય તેવી સંભાવના છે. ભારતીય નિકાસકારોએ આ પગલા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. જે મુખ્ય ક્ષેત્રો પર અસર થવાની સંભાવના છે.

તેમાં ઓટોમોબાઈલ અને ઓટો કોમ્પોનન્ટ્સ, મશીનરી, ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ, ઓર્ગેનિક રસાયણો અને ફાર્માસ્યુટિકલ્સ અને કાપડ અને પ્લાસ્ટિકનાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના આંકડાઓ મુજબ, ભારતની મેક્સિકોમાં નિકાસ ૫.૭૫ અરબ ડોલર (૫૨,૦૭૭ કરોડ રૂપિયાથી વધુ) હતી, જ્યારે મેક્સિકોથી આયાત ૨.૯ અરબ ડોલર હતી. જો આ ઊંચા ટેરિફ લાગુ થશે, તો ભારતની આ મોટી નિકાસ પર ગંભીર અસર પડી શકે છે. મેક્સિકોએ સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને વેપાર અસંતુલન ઘટાડવાના હેતુથી આ ટેરિફ લાદ્યા હોવાનું જણાવ્યું છે. ભારત સરકાર આ નિકાસ બજારોને બચાવવા માટે મેક્સિકો સાથે વાતચીત દ્વારા ઉકેલ લાવવાનો પ્રયાસ કરી રહી છે.

### મેક્સિકો પર ભારત લગાવશે વળતો ટેરીફ

યુએસ બાદ મેક્સિકોએ પણ ભારતના કેટલાક ઉત્પાદનો પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે, જેના કારણે ભારતના આંતરરાષ્ટ્રીય વેપારને વધુ એક ફટકો પડ્યો છે. ભારતીય અધિકારીઓ હાલ મેક્સિકો સરકાર સાથે ચર્ચા કરી રહ્યા છે. એવામાં ભારતે પોતાના હિતોનું રક્ષણ કરવા માટે મેક્સિકો સામે વળતા પગલાં ચેતવણી આપી છે.એક અધિકારીએ જણાવ્યું હતું કે ભારતને પોતાના નિકાસકારોના હિતોનું રક્ષણ કરવા માટે યોગ્ય પગલાં લેવાનો અધિકાર છે, સાથે સાથે મેક્સિકો સાથે વાટાઘાટોથી મુદ્દો ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવશે. ભારત સરકારનું વાણિજ્ય વિભાગ મેક્સિકોના અર્થતંત્ર મંત્રાલય સાથે વાત કરીને ઉકેલો શોધી રહ્યા છે. મેક્સિકોએ તેના સ્થાનિક ઉદ્યોગો અને ઉત્પાદકોના હિતોના રક્ષણ માટે આ ટેરીફ લાદ્યો છે, જે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે. ભારતના વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ અને મેક્સિકોના અર્થતંત્ર મંત્રાલયના ઉપપ્રધાન લુઈસ રોસેન્ડો વચ્ચે એક હાઈ લેવલ બેઠક યોજાઈ હતી, આગામી દિવસોના વધુ બેઠકો યોજાશે.ભારત સરકારના અધિકારીઓના જણાવ્યા મુજબ ભારત સાથે અગાઉ ચર્ચા વગર મેક્સિકોએ મોસ્ટ ફેવર્ડ નેશન (MFN) ટેરિફમાં વધારો કર્યો છે. મેક્સિકોએ ભારતથી આયાત થતા ઓટો પાર્ટ્સ, લાઈટ વેઈટ કાર, કપડાં, પ્લાસ્ટિક, સ્ટીલ, ઘરગથ્થુ ઉપકરણો, રમકડાં, કાપડ, ફર્નિચર, ફૂટવેર, ચામડાની ચીજવસ્તુઓ, કાગળ, કાર્ડબોર્ડ, મોટરસાયકલ, એલ્યુમિનિયમ, કાચ, સાબુ, પરફ્યુમ અને સૌંદર્ય પ્રસાધનો જેવા ઉત્પાદનો પર ટેરિફ વધાર્યો છે. ભારત ઉપરાંત દક્ષિણ કોરિયા, ચીન, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયા જેવા દેશો પર પણ આ ટેરીફ લાદવામાં આવ્યો છે, આ દેશોએ મેક્સિકો સાથે વેપાર કરાર કર્યો નથી.

બોલો, શું કહેવું? હીરો ઘોઘે જઈ આવ્યો કે ''ક્યા ગ્યા'તા – ક્યાંય નહિ?

# ફોર્મ રિ-વેરિફિકેશન માટે પરત થતા BLO કફોડી હાલતમાં!

## બૂથ લેવલ ઓફિસર્સની ઉપાધી ઘટવાને બદલે વધી હોવાની બુમરાણ : SIRની કામગીરીમાં અંતે દળી દળીને ઢાંકણીમાં જેવી પરિસ્થિતિ ઊભી થઈ હોવાના આક્ષેપ

ગાંધીનગર, તા.૧૪

અત્યાર સુધી એસઆઈઆરની કામગીરી કરતા બૂથ લેવલ ઓફિસર્સની હાલાકી દુર કરવા, અવરોધો પાર પાડવા કોર્ટને પણ દરમિયાનગીરી કરવી પડી હતી. એક તબ્બક્કે મનાતુ હતું કે હવે બીએલઓને કોઈ તકલીફ નહિ રહે પણ આવી કામગીરી કરતા સંબંધિતો માટે ફરી પાછી ઉપાધિના દિવસો આવ્યાના સમાચારો સામે આવ્યા છે. સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (જંઈછ) કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી થયેલી કામગીરીમાં મતદારોનાં ફોર્મ્સ ખાસ સોફ્ટવેર મારફતે ચેક કરવામાં આવ્યા હતા, જેમાંથી સંખ્યાબંધ ફોર્મ રિ-વેરીફિકેશન કરવા માટે પરત આપવામાં આવતાં બૂથ લેવલ ઓફિસરોની ઉપાધિ ઘટવાને બદલે વધી છે. એક અંદાજ મુજબ, ૬૦થી ૭૦ ટકા જેટલાં ફોર્મ તેમને પરત મોકલાયાં છે.

છેલ્લા એક મહિનાથી વધુ સમયથી ચાલી રહેલી જંઈછની કામગીરીમાં અંતે દળી દળીને ઢાંકણીમાં જેવી પરિસ્થિતિ ઊભી થઈ હોવાના આક્ષેપો થઇ રહ્યા છે. કોઈપણ જાતની સૂચના કે તાલીમ વિના પ્રથમ બીએલઓને મતદાર યાદી સુધારણાના ફોર્મ ઘરે ઘરે ફરીને આપવાની તથા પરત લેવાની કામગીરી સોંપાઈ, બાદમાં આ ફોર્મ ઓનલાઈન અપલોડ કરવાની સૂચના આપવામાં આવી. ટાર્ગેટ પૂરો કરવા સતત દબાણ વચ્ચે કપરી માનસિક સ્થિતિમાં બીએલઓએ આ કામગીરી પૂર્ણ કરી હતી.

એવામાં, શિક્ષકોનાં સંગઠનના સૂત્રધારોની વાત સાચી માનીએ તો, ખાસ સોફ્ટવેરની



મદદથી ચેક થયેલા ૬૦ થી ૭૦ ટકા ફોર્મ ફરીથી ક્વેરીમાં મૂકાયા હોવાનુકાહેવાય છે. અને બીએલઓને ફરીથી આ બધા ફોર્મનું રિ-વેરીફિકેશન કરવા માટે સૂચનાઓ આપવામાં આવી હોવાનું સંભળાયું છે. જે મતદારના ફોર્મમાં દાદા-દાદી, નાના-નાની, માતા-પિતાના નામો ૨૦૦૨ની યાદીમાં મેચ ન થતા હોય તેમને વેરીફિકેશન માટે મૂકવામાં આવ્યા છે.

દાખલા તરીકે, પિતાના નામની પાછળ ૨૦૨૨ની યાદીમાં 'લાલ' કે 'ચંદ્ર' હોય અને હાલ તેમના નામની પાછળ 'ભાઈ' લગાવવામાં આવ્યું હોય તો આવા ફોર્મ પુનઃ ચકાસણી માટે આવી રહ્યા છે. તેમાં જે તે મતદારનું સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ અથવા તો જન્મ તારીખના દાખલાની નકલ મેળવ્યા બાદ ફોર્મ ફરીથી અપલોડ કરવામાં આવે છે. આથી બૂથ લેવલ ઓફિસરો ફરીથી મુશ્કેલીમાં મુકાયા છે. હજુ નવાં નામ ઉમેરવાની પ્રક્રિયા તો બાકી જ હોવાનો પણ કચવાટ પ્રવર્તે છે.

મતદાર યાદી તૈયાર કરવી એ રાષ્ટ્રીય ફરજ છે, પરંતુ આ ફરજમાં સતત દબાણને કારણે રાજ્યમાં ચારથી પાંચ બીએલઓના મૃત્યુ નીપજ્યા છે અને બી.એલ.ઓની હાલત પણ કફોડી છે. આ બધી પરિસ્થિતિ વચ્ચે સરકારી શાળામાં ભણતા વિદ્યાર્થીઓની હાલત પણ દયનીય છે. જંઈછની કામગીરીને કારણે સરકારી શાળાઓમાં છેલ્લા એક દોઢ મહિનાથી શિક્ષણ કાર્ય ખોરંભે ચડ્યું છે. ગરીબ વાલીઓ પ્રાઈવેટ સ્કૂલની ફીઓ ભરી શકે તેમ નથી એટલે જાય તો કહા જાયે જેવી પરિસ્થિતિમાં મુકાયા છે.

### બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને UAE સહિત છ ગલ્ફ દેશોમાં પ્રતિબંધ

# બોલિવૂડ ફિલ્મ 'ધૂરંધર' પર છ મુસ્લિમ દેશોએ મૂક્યો પ્રતિબંધ



મુંબઈ, તા.૧૪

રણવીર સિંહની નવી જાસૂસી થ્રિલર ફિલ્મ 'ધુરંધર' ભારતમાં ધૂમ મચાવી રહી છે, પરંતુ તેની આંતરરાષ્ટ્રીય રિલીઝને ખાસ કરીને મધ્ય પૂર્વમાં મોટો ફટકો પડ્યો છે. અહેવાલો અનુસાર, રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર' પર બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને ેઅઊ સહિત છ ગલ્ફ દેશોમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. છ ગલ્ફ દેશોમાં ફિલ્મની સ્ક્રીનિંગની પરવાનગી આપવામાં આવી ન હતી.

ત્યાંના અધિકારીઓએ ફિલ્મની વાર્તામાં કથિત પાકિસ્તાન વિરોધી સંદેશાવ્યવહાર સામે વાંધો ઉઠાવ્યો હતો, જેના કારણે દરેક જગ્યાએ તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પ્રતિબંધે જૂની ચર્ચાને ફરીથી જગાડી દીધી છે કે, ગલ્ફ દેશો ભારતની સરહદ પારના મુદ્દાઓ સાથે સંકળાયેલી ભારતીય ફિલ્મો સાથે આટલા કડક નિયમો કેમ રાખે છે? અહેવાલો અનુસાર, નિર્માતાઓએ ગલ્ફ થિયેટરોમાં 'ધુરંધર' રિલીઝ કરવા માટે ખુબ મજબૂત પ્રયાસ કર્યો, કારણ કે તે બોલીવુડ માટે એક વિશાળ બજાર હોવાનું મનાય છે.

પરંતુ ફિલ્મને દરેક જગ્યાએ મંજૂરી આપવાનું નકારી કાઢવામાં આવ્યું હતું. ઉદ્યોગના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ટીમ આ શક્યતાથી વાકેફ હતી, પરંતુ નિર્માતાઓએ હજુ પણ શ્રેષ્ઠ પ્રયાસો કર્યા હોવાનું કહેવાય છે. સૂત્રના જણાવ્યા અનુસાર, ફિલ્મને ઘણા દેશોમાં ફક્ત એટલા માટે પ્રતિબંધિત કરવામાં આવી હતી, કારણ કે તે પાકિસ્તાન વિરોધી માનવામાં આવી હતી. ટીમે ઘણી બેઠકો દ્વારા ઉકેલ શોધવાનો પ્રયાસ કર્યો, પરંતુ પરિણામ એક જ આવ્યું. આવું કંઈ પહેલી વાર નથી બન્યું, અગાઉ પણ ઘણી ફિલ્મો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# ગુજરાતીઓની સારવાર માટે રોજનો ૧૦.૧૮ કરોડનો ખર્ચ!

## પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના (PMJAY) હેઠળ આરોગ્ય પાછળ અમદાવાદ, સુરત અને રાજકોટમાં ૩જા ક્રમે થતો ખર્ચ

ગાંધીનગર, તા.૧૪

પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના (પીએમજેએવાય ) હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાંથી ૧૩,૫૪,૪૮૧ દાવા થયેલા છે. આવા દાવાની કુલ રકમ ૩૭૧૯.૧૪ કરોડ રૂપિયા છે. આમ ગુજરાતીઓની સારવાર પાછળ દરરોજ સરેરાશ ૧૦ કરોડથી વધુનો ખર્ચ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આરોગ્ય પાછળ દાવાની રકમ ૩૫૧૦.૬૩ કરોડ રૂપિયા હતી. આમ આયુષ્યમાન યોજનામાં સારવાર પાછળ એક વર્ષમાં વધારો નોંધાયો છે.

આયુષ્યમાન યોજના પાછળ રાજ્યના જે જિલ્લામાંથી એક વર્ષમાં સૌથી વધુ ખર્ચ થયો હોય તેમાં અમદાવાદ મોખરે છે. અમદાવાદ જિલ્લામાંથી ૪૬૭.૪૧ કરોડ રૂપિયાના ૧.૬૧ લાખથી વધુ દાવા થયા હતા. આ સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આરોગ્ય પાછળ સરેરાશ ૧.૭૦ લાખ રૂપિયાથી વધુનો ખર્ચ થાય છે.



સૌથી વધુ રકમના દાવા હોય તેમાં સુરત બીજા, રાજકોટ ત્રીજા, બનાસકાંઠા ચોથા અને વડોદરા પાંચમાં સ્થાને છે.નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૭૭.૮૯ લાખ, જ્યારે ૨૦૨૪-૨૫માં ૨૫.૧૫ લાખ આયુષ્યમાન કાર્ડ જાહેર થયેલા હતા. આ સાથે જ

**PMJAY : કયા જિલ્લામાંથી સારવાર પાછળ સૌથી વધુ ખર્ચ**

| જિલ્લો | કુલ દાવા | દાવાની રકમ |
|---|---|---|
| અમદાવાદ | ૧,૬૧,૧૦૩ | ૪૬૭.૪૧ કરોડ |
| સુરત | ૧,૦૬,૮૨૦ | ૩૬૮.૨૨ કરોડ |
| રાજકોટ | ૯૧,૩૯૨ | ૨૬૪.૨૨ કરોડ |
| બનાસકાંઠા | ૮૪,૪૪૯ | ૨૦૮.૧૯ કરોડ |
| વડોદરા | ૫૫,૦૧૬ | ૧૬૦.૯૫ કરોડ |
| મહેસાણા | ૬૨,૫૩૪ | ૧૬૦.૩૫ કરોડ |
| ભાવનગર | ૫૫,૪૪૯ | ૧૫૬.૨૩ કરોડ |
| જુનાગઢ | ૪૮,૪૬૫ | ૧૩૩.૩૯ કરોડ |
| કચ્છ | ૪૭,૭૪૯ | ૧૨૭.૪૪ કરોડ |
| આણંદ | ૫૦,૭૮૦ | ૧૨૩.૦૯ કરોડ |
| સુરેન્દ્રનગર | ૩૯,૨૦૫ | ૧૦૯.૭૫ કરોડ |
| પાટણ | ૪૧,૧૩૫ | ૧૦૬.૬૮ કરોડ |
| રાજ્યમાં કુલ | ૧૩,૫૪,૪૮૧ | ૩૭૧૯.૧૪ કરોડ |

ગુજરાતમાં ૨.૭૯ કરોડ જેટલા આયુષ્યમાન કાર્ડધારકો છે.

જાણકારોના મતે, મોટાભાગના લોકોમાં એવી ગેરમાન્યતા પ્રવર્તે છે કે એકવાર આયુષ્માન કાર્ડ મળી ગયું એટલે ગમે ત્યારે અને ગમે તેટલી વાર સંપૂર્ણ મફત સારવાર મળશે, પરંતુ આ માન્યતા ભૂલભરેલી છે. વાસ્તવમાં આ યોજનામાં સરકાર દ્વારા વાર્ષિક આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે અને તેનો લાભ પણ ચોક્કસ શરતોને આધીન જ મળે છે. આ યોજનામાં સૌથી મોટી ગેરસમજ 'ફેમિલી ફ્લોટરના કોન્સેપ્ટને લઈને થાય છે. આ નિયમ મુજબ, ૨ લાખ રૂપિયાનું સુરક્ષા કવચ કોઈ એક વ્યક્તિ માટે અલગથી નથી હોતું, પરંતુ આખા પરિવાર માટે સંયુક્ત રીતે ફાળવવામાં આવે છે. આયુષ્યમાન યોજના પાછળ રાજ્યના જે જિલ્લામાંથી એક વર્ષમાં સૌથી વધુ ખર્ચ થયો હોય તેમાં અમદાવાદ મોખરે છે. અમદાવાદ જિલ્લામાંથી ૪૬૭.૪૧ કરોડ રૂપિયાના ૧.૬૧ લાખથી વધુ દાવા થયા હતા. આ સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આરોગ્ય પાછ પાછળ સરેરાશ ૧.૭૦ લાખ રૂપિયાથી વધુનો ખર્ચ બનાસકાંઠા ચોથા અને વડોદરા પાંચમાં સ્થાને છે.

સેક્સપિયર સાથે પન્નાલાલ પટેલ, ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણીની નવલકથા કથાઓ વાંચવા ઉપર મુક્યો ભાર

# સાંપ્રત યુગ શુરવીરતા, શોર્ય, પરાક્રમ સાથે કલમનો : રીવાબા

## વિરપુરમાં શિક્ષણમંત્રી રીવાબા જાડેજાનો રોડ-શો સન્માન સમારોહ યોજાયો : નરસિંહ મહેતા, પાનબાઈ, મીરાંબાઈની વાતોને વાગોળી

રાજકોટ, તા.૧૪

જેતપુર તાલુકાના વિરપુર જલારામ ખાતે આવિષ્કાર યુનિવર્સલ ફાઉન્ડેશન, પ્રેરણા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ ક્ષત્રિય રાજપૂત સમાજ - વિરપુરના સંયુક્ત ઉપક્રમે રાજ્યના શિક્ષણમંત્રી રીવાબા જાડેજાનો સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે હોટલ રામાયણથી હોસ્પિટલ ચોક થઈ પ્રેરણા સ્કૂલ સુધી એક ભવ્ય રોડ-શો અને બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અને પૂર્વ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયા અધ્યક્ષ સ્થાને અને અમૂલ ડેરીના વાઈસ ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા ઉપસ્થિત રહ્યા હતા.

આવિષ્કાર યુનિવર્સલ ફાઉન્ડેશન, પ્રેરણા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અને ક્ષત્રિય રાજપૂત સમાજ વીરપુરના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. શિક્ષણ જગતમાં આમૂલ પરિવર્તન સાથે ભાવી પેઢીમાં ભારતીય સંસ્કારોના સિંચન પર વિશેષ ભાર મૂકી રીવાબાએ જણાવ્યું હતું કે, ''પૂજ્ય જલારામ બાપાના આશીર્વાદથી શિક્ષણની જ્યોત પ્રગટાવવાનું આ કાર્ય ખૂબ ઉમદા છે. રાજ્ય સરકાર પણ શિક્ષણની ગુણવત્તા સુધારવા કટિબદ્ધ છે ત્યારે સંસ્થાઓનો આ પ્રયાસ સરાહનીય છે. શિક્ષણ એ ફક્ત અક્ષર જ્ઞાન પૂરતું નથી સંસ્કારની સાથે શિક્ષણ વધે તો જ આપણે શિક્ષિત છીએ. હવેનો સમય શુરવીરતા, શોર્ય પરાકર્મ સાથે કલમનો સમય છે. થોડા સમય પહેલા મુખ્યમંત્રીની અધ્યક્ષતામા કાર્યક્રમ યોજાયેલ જેમાં તેર લાખ દીકરીઓને નમો લક્ષમી નમો સરસ્વતી સ્કોલરશીપ આપવામાં આવી હતી.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, કે શિક્ષણને લઈ અનેક સમસ્યાઓ મહેકમોની વાત આવે, શિક્ષકો ઘટની વાત આવે, બાળકોને શિક્ષણ ના માળખાની યોગ્ય વાત આવે ત્યારે આવા નાના મોટા પ્રશ્નો હલ કરવાના છે. આપણને બીજા ઘણા લેખકો જેં ભારતના નથી તેમને વાંચવા ગમે, સેક્સપિયરનું નામ બધાય સાંભળ્યું હોય પણ પન્નાલાલ પટેલ, ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણીની નવલકથા કથાઓ વાંચવા ઉપર વધુ ભાર મુક્યો હતો. નરસિંહ મહેતા, પાનબાઈ, મીરાંબાઈની વાતો ને યાદ કરી તેઓએ કહ્યું હતું કે આવા લોકોને જીવંત રાખવા માટે આગામી સમયમા ન્યુ એજ્યુકેશન પોલિસી અંતર્ગત એવા ફેરફાર થશે કે જેમાં જેમાં પ્રદેશનું ગૌરવ અને સ્થાનિક પરંપરા જીવંત રાખી શકી તેવા પ્રયત્ન કરવામાં આવશે. શિક્ષણની અનેક સુધારા કરવાની વાત કરી હતી. ન્યુએજ્યુકેશન મારફત આપણા ભારતીય મૂળ આયુર્વેદ, ચરક શાસ્ત્ર, અર્થ શાસ્ત્ર ભારતીય મૂળના હોવાથી તેમની ઉપર વધુ શિક્ષણ યાદ કરવા છે

વીરપુરમા પૂજ્ય જલારામ બાપાની ભૂમિ સાથે સંત સુરા અને સુરવીરની આ ભૂમિ ઉપર આજે પ્રથમ વાર આવી ધન્યતા અનુભવું છું. શિક્ષણ મઁત્રી રિવાબા જાડેજાનું વીરપુરમા વિવિધ એજ્યુકેશન ટ્રસ્ટ સામાજિક આગેવાનો વિવિધ સંસ્થાના મેમ્બરો દ્વારા રિવાબા જાડેજાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હોટલ રામાયણથી હોસ્પિટલ ચોક થઈ પ્રેરણા સ્કૂલ સુધી એક ભવ્ય રોડ-શો અને બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાહિત્યની આ ભૂમિ એટલે કે વિરપુરમાં જલારામ બાપાના આશીર્વાદથી આવિષ્કાર યુનિવર્સલ ફાઉન્ડેશન, પ્રેરણા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અને ક્ષત્રિય રાજપૂત સમાજ વિરપુરના સંયુક્ત ઉપક્રમે સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મને ઉપસ્થિત રહેવાની તક મળી તે વાતનો રીવાબાએ આનંદ વ્યકત કર્યો હતો. વિવિધ સંસ્થાઓ અને દરેક સમાજ દ્વારા જે ખૂબ ભાવ રીતે સ્નેહ રાખી અને સન્માનિત કરવામાં આવી તે બદલ તેઓએ સર્વે સમાજના આગેવાનોનો પાડ માન્યો હતો. આ કાર્યક્રમમાં શિક્ષણ જગત અને સામાજિક આગેવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને નવનિયુક્ત મંત્રીને શુભેચ્છાઓ પાઠવી હતી.



# રાજ્ય સરકારે કેન્દ્ર પાસેથી મંગાવી 'વાઘણ'

## રતનમહાલમાં વસી ગયેલા વાઘ માટે નર વાઘની વ્યવસ્થા માટે વન-પર્યાવરણ તંત્રની કવાયત



ગાંધીનગર, તા.૧૪

દાહોદના રતનમહાલ અભયારણ્યમાં મધ્યપ્રદેશ તરફથી આવી ચડેલા નર વાઘના કાયમી વસવાટ માટે ગુજરાત સરકારે સત્તાવાર રીતે કાર્યવાહી શરૂ કરી દીધી છે. રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીએ આ બાબતે પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં વાઘની અવરજવરની નોંધ કરવામાં આવી છે. આ વાઘને જીવનસાથી પૂરી પાડીને તેને કાયમી વસવાટ કરાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

દાહોદના રતનમહાલ અભયારણ્યમાં ફેબ્રુઆરી ૨૦૨૫થી મધ્યપ્રદેશ તરફથી આવી ચડેલો એક નર વાઘ કાયમી વસવાટ કરી રહ્યો છે. જોકે, હવે આ વાઘના કાયમી વસવાટ અને વંશ વધારવાના ગુજરાત સરકારના આયોજનમાં એક મહત્વની કડી ખૂટે છે, અને તે છે 'વાઘણ' અથવા તેના જીવનસાથીની.

ગુજરાતમાં આવેલો આ વાઘ દાહોદ જિલ્લાના રતનમહાલ, છોટાઉદેપુર જિલ્લાના ડોલારિયા રેન્જ તેમજ મધ્યપ્રદેશના જંગલોમાં ફરતો જોવા મળી રહ્યો છે. વન વિભાગના સૂત્રોના મતે, વાઘ સતત જંગલો બદલી રહ્યો છે, જેનું મુખ્ય કારણ તેની સાથીદારની જરૂરિયાત પૂરી ન થવી છે. જો તેને તેની જરૂરિયાત પૂરી કરતો સાથીદાર ન મળે તો તે આક્રમક મૂડમાં આવી જાય છે અને તેની ગર્જનાઓ આસપાસના વિસ્તારોમાં સંભળાય છે. જો વાઘને જીવનસાથી મળે તો તે આ વિસ્તારમાં સ્થિર થઈ શકે તેમ છે.

રાજ્યના વન મંત્રીના જણાવ્યા અનુસાર, અગાઉ પણ રતનમહાલ અભયારણ્યમાં વાઘ અવરજવર કરતા હતા. આ ઈતિહાસને ધ્યાનમાં રાખીને અને હાલમાં વાઘની મૂવમેન્ટ દેખાતા, ગુજરાત સરકારના વન વિભાગે કેન્દ્ર સરકારના નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (ગઝઈઅ) ને પત્ર લખ્યો છે. જેને લગભગ એક મહિના જેટલો સમય થયો છે. વાઘને કાયમી વસવાટ કરાવી ગુજરાતના વાઘના નિવાસસ્થાન તરીકે રતનમહાલ-છોટાઉદેપુર વિસ્તારને વિકસાવવાના આયોજનના ભાગરૂપે આ કાર્યવાહી હાથ ધરી છે અને કેન્દ્રીય વન મંત્રાલયને પત્ર લખીને રતનમહાલમાં વસવાટ કરી રહેલા વાઘ માટે વાઘણ પૂરી પાડવા વિનંતી કરી છે.

ગઝઈઅની એક ટીમને આ વિસ્તારમાં મોકલીને 'મેપિંગ' (વસવાટની શક્યતાઓ અને વિસ્તારની યોગ્યતાનું સર્વેક્ષણ) કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. મેપિંગ બાદ આ નર વાઘ માટે એક વાઘણ પૂરી પાડવાની પણ માંગણી કરવામાં આવી છે, જેથી તે કાયમી વસવાટ કરી શકે અને વંશ વધારી શકે.

વનવિભાગને આ વાઘની તમામ જાણકારી હોવા છતાં, સાથીદાર પૂરો પાડવાની કામગીરીમાં વિલંબ થઈ રહ્યો હોવાનું માનવામાં આવે છે. વન વિભાગે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત મોકલી છે તેને એક મહિના જેટલો સમય થઈ ગયો છે. પરંતુ કેન્દ્રની ટીમ આવીને ચકાસણી કર્યા બાદ રિપોર્ટ મોકલે ત્યારબાદ જ વાઘણ આવી શકે તેમ છે, તેવું સુત્રોનું કહેવું છે.

અધિકારીઓનું માનવું છે કે, આ વાઘ મધ્યપ્રદેશથી આવ્યો હોવાથી, મધ્યપ્રદેશમાંથી જ વાઘણ લાવવાનું પસંદ કરવામાં આવી શકે છે કારણ કે બંને માટે જંગલની ભૂમિ અને વાતાવરણ સમાન છે. હાલમાં છોટાઉદેપુર વનવિભાગની ટીમો જંગલોમાં પેટ્રોલિંગ કરી રહી છે. આ વાઘની જરૂરિયાત વહેલી તકે પૂરી કરવામાં આવે તે જરૂરી છે, જેથી તે ગુજરાતના જંગલોમાં કાયમી વસવાટ કરી શકે અને અહીં વાઘોની વસ્તી વધારવામાં મદદરૂપ થાય.

# રાજકોટમાં આજથી જલકથાનો પ્રારંભ

## જલકથા... ૧૧૧ પવિત્ર નદીના જળ ભરેલા ૨૧૦૦ કળશ સાથે યોજાઈ ભવ્ય જલયાત્રા



રાજકોટ, તા.૧૪

રાજકોટમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આજથી વિશ્વની પહેલી જલકથા યોજાવા જઈ રહી છે. આજે શહેરના બહુમાળી ભવન ખાતે દેશની ૧૧૧ પવિત્ર નદીના જળ ભરેલા કળશ સાથે ભવ્ય જલયાત્રા યોજાઈ હતી. જેમાં મહિલાઓ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. આ યાત્રા કથા સ્થળ રેસકોર્સ મેદાન ખાતે પહોંચી હતી. અહીં વરૂણ દેવના યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આજે તા.૧૫થી૧૭ સુધી, રાત્રીના ૮ થી ૧૨ દરમિયાન જલકથાનું આયોજન કરવામાં આવ્યું છે.

કવિ અને કથાકાર ડો. કુમાર વિશ્વાસના વ્યાસપીઠે યોજાનાર વિશ્વની પહેલી 'જલકથા' પૂર્વે આજે રાજકોટના રાજમાર્ગો પર ભક્તિ અને જનજાગૃતિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. 'જળ એ જ જીવન'ના મંત્રને સાર્થક કરવા દેશભરની ૧૧૧ પવિત્ર નદીઓના જળ એકત્રિત કરી ૨૧૦૦ જેટલા જલકળશની વાજતે-ગાજતે મહાયાત્રા કાઢવામાં આવી હતી. આ યાત્રામાં હજારોની સંખ્યામાં જલપ્રેમીઓ, મહિલાઓએ જોડાઈને જળ સંરક્ષણ માટે મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. તેમજ વૈદિક મંત્રોચ્ચાર સાથે પવિત્ર જળનું પૂજન કરવામાં આવ્યું હતું. રેસકોર્સમાં યોજાનાર વિશ્વની પ્રથમ 'જલકથા'ને જુદા-જુદા વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન મળનાર છે.

આજે આ તમામ કળશ સાથે મોટી સંખ્યમાં મહિલાઓ પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને યાત્રામાં જોડાઈ હતી. ઢોલ-નગારા અને બેન્ડની સુરાવલીઓ વચ્ચે બહુમાળી ચોકથી નીકળેલી આ યાત્રા મુખ્ય માર્ગ પર ફરીને રેસકોર્સ મેદાન ખાતે પહોંચી હતી. રેસકોર્સના મેદાનમાં વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ સાથે મહા જલપૂજનનો કરવામાં આવ્યું હતું. વરુણ દેવની આરાધના કરી સૌરાષ્ટ્રની ભૂમિને જળસભર બનાવવાની પ્રાર્થના કરવામાં આવી હતી.

રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર જલકથાઃ અપને શ્યામ કી' અનેક રીતે ઐતિહાસિક સાબિત થવાની છે. ડો. કુમાર વિશ્વાસ પોતાની આગવી શૈલીમાં જળના મહત્વને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરશે. આ કાર્યક્રમ વિશ્વનો સૌથી મોટો જળ-વિશ્વાસ મેળાવડો બનવા જઈ રહ્યો છે, જેની નોંધ 'ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ' સહિત ૭ પ્રતિષ્ઠિત એજન્સીઓ લેશે. આ રેકોર્ડ્સને પ્રમાણિત કરવા માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ, એશિયા સ્પેસિફિક બુક ઓફ રેકોર્ડ્સ, ઘખત્ર્ર બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ અને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સના પ્રતિનિધિ ખાસ રાજકોટમાં હાજર રહેશે.

## ટી-૨૦ સીરિઝમાં ૨-૧થી લીડ મેળવતું ભારત : દક્ષિણ આફ્રિકાના ૧૧૭ રન સામે ભારતે ૧૫.૫ ઓવરમાં બનાવ્યા ૧૨૦ રન

# ભારતે આફ્રિકાને ૭ વિકેટથી હરાવ્યું





નવી દિલ્હી, તા.૧૪

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે પાંચ મેચોની T20 સીરિઝની ત્રીજી મેચ ધર્મશાળામાં રમાઈ હતી, જેમાં ભારતે ૭ વિકેટથી શાનદાર જીત હાંસલ કરી છે. આ જીત સાથે ભારતે સીરિઝમાં ૨-૧થી લીડ મેળવી લીધી છે. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ત્રીજી T20માં ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય લીધો હતો. દક્ષિણ આફ્રિકાની ટીમ ૨૦ ઓવરમાં ૧૧૭ રન પર ઓલઆઉટ થઈ હતી. જેના જવાબમાં ભારતે ૧૫.૫ ઓવરમાં ૩ વિકેટના નુકસાન પર ૧૨૦ રન બનાવીને ભવ્ય જીત મેળવી છે.

ભારત માટે અભિષેક શર્માએ સૌથી વધુ રન બનાવ્યા. અભિષેકે ૧૮ બોલમાં ત્રણ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૩૫ રન બનાવ્યા હતા. લક્ષ્યાંકનો પીછો કરતા અભિષેક અને શુભમન ગિલે ઝડપી શરૂઆત અપાવી. બંને બેટર્સે પહેલી વિકેટ માટે ૬૦ રન બનાવ્યા. ભારતે ફરી એકવાર પ્રયોગ કર્યો અને ત્રીજા નંબરે સૂર્યકુમારની જગ્યાએ તિલક વર્માને મોકલ્યો. તિલક અને ગિલે બીજી વિકેટ માટે ૩૨ રનની ભાગીદારી કરી, પરંકુ માર્કો યાનસેને ગિલને બોલ્ડ કરી દીધો. ગિલ ૨૮ બોલ પર ૫ ચોગ્ગાની મદદથી ૨૮ રન બનાવીને આઉટ થયો.


કેપ્ટન સૂર્યકુમાર યાદવ ફરી એકવાર અસફળ રહ્યા અને ૧૨ રન બનાવીને આઉટ થયા. ત્યારબાદ તિલક અને શિવમ દુબેએ ભારતને જીત સુધી લઈ ગયા તિલક ૩૪ બોલમાં ત્રણ ચોગ્ગાની મદદથી અણનમ ૨૫ રન અને શિવમ ચાર બોલ પર એક ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૦ રન બનાવીને અણનમ રહ્યા. દક્ષિણ આફ્રિકા માટે લુંગી એડગિની, માર્કો યાનસેન અને કોર્બિન બોશને એક-એક વિકેટ મળી.

આ મેચમાં હાર્દિક પંડ્યાએ ટ્રિસ્ટન સ્ટબ્સની વિકેટ ઝડપીને ઝર૨૦ઈ ક્રિકેટમાં ૧૦૦ વિકેટ અને ૧૦૦૦ રન બનાવનાર વિશ્વનો પ્રથમ ફાસ્ટ-બોલિંગ ઓલરાઉન્ડર બનવાનો રેકોર્ડ પણ બનાવ્યો હતો. રસપ્રદ વાત એ રહી કે આ મેચમાં ભારતના તમામ બોલર્સને સફળતા મળી. ભારત તરફથી વરૂણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા અને કુલદીપ યાદવને ૨-૨ વિકેટ મળી. હાર્દિક પંડ્યા અને શિવમ દુબેને એક-એક સફળતા મળી. ભારતે આ મેચ માટે પ્લેઈંગ-૧૧માં ૨ ફેરફાર કર્યા હતા. જેમાં અક્ષર પટેલ અને જસપ્રીત બુમરાહ રમ્યા ન હતા. કેપ્ટન સૂર્યકુમારે ટોસ દરમિયાન જણાવ્યું કે, અક્ષર પટેલની તબિયત બરાબર નથી એટલા માટે તેઓ મેચ નહીં રમે, જ્યારે બુમરાહને અંગત કારણોથી ઘરે જવું પડ્યું છે. અક્ષર અને બુમરાહની જગ્યાએ આ મેચમાં કુલદીપ યાદવ અને હર્ષિત રાણાને ટીમમાં સામેલ કરાયા હતા.

### માનવતા નેવે મૂકાઈ, અકસ્માત સમયે લોકો ભૂલ્યા ભાન ?

# ડ્રાઈવર પીડાથી કણસતો રહ્યો ને લોકો ટેન્કરમાંથી ડીઝલ લૂંટતા રહ્યા

## ડીઝલના ટેન્કરને અકસ્માત નડતા રોડ પર ડીઝલ ઢોળાતા લોકોની પડાપડી





રાજકોટ, તા. ૧૪

ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લામાં પ્રયાગરાજ-કાનપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૨ પર એક ટ્રક ડીઝલ ટેન્કર સાથે અથડાઈ હતી. ડ્રાઈવર અને હેલ્પર ગંભીર રીતે ઘાયલ થયા હતા. હેલ્પરની હાલત ગંભીર છે અને તે લગભગ એક કલાક સુધી ટ્રકના કેબિનમાં ફસાયો હતો. ટેન્કર ક્ષતિગ્રસ્ત હોવાને કારણે હજારો લિટર ડીઝલ હાઈવે પર ઢોળી ગયું હતું, જેના કારણે પસાર થતા લોકો અને ગ્રામજનોએ ઈંધણ ભરવા માટે દોડધામ મચાવી દીધી હતી.

પાંચ કિલોમીટર સુધી હાઈવેની બંને બાજુ લગભગ બે કલાક સુધી ટ્રાફિક ખોરવાયો હતો. પોલીસે ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કર્યા. ડોક્ટરોએ તેમની હાલત ગંભીર જણાતા તેમને કાનપુર રિફર કર્યા. ટ્રક ડ્રાઈવર, જિતેન્દ્ર, કાનપુર દેહાતના અકબરપુરના રહેવાસી લીલાધરનો પુત્ર અને હેલ્પર, અજય, કુચેચા, હમીરપુરના રહેવાસી, અકબરપુરના એક પ્લાન્ટમાંથી ડીઝલ ભરીને સોનભદ્ર જઈ રહ્યા હતા. ટેન્કરમાં ૨૯,૦૦૦ લિટર ડીઝલ ભરેલું હતું.

થરિયાવ પોલીસ સ્ટેશનની સામે કેટલાક લોકો ઉભા હતા, અને ડ્રાઈવરે ટેન્કર રોક્યું. આ દરમિયાન, કઠોળ ભરેલી ટ્રક પાછળથી ટેન્કર સાથે અથડાઈ. આ અકસ્માતમાં ટ્રક ડ્રાઈવર, હરિયાણાના મેવાતનો રહેવાસી, અમજદ અને તેનો હેલ્પર, મોહમ્મદ અકરમ ઘાયલ થયા. ટેન્કર ડ્રાઈવરની માહિતીને પગલે, પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી. તેમણે ભીડ દૂર કરી અને ઘાયલ ટ્રક ડ્રાઈવર અને હેલ્પરને એમ્બ્યુલન્સ દ્વારા જિલ્લા હોસ્પિટલમાં મોકલ્યા. આગ લાગવાની આશંકાથી, ફાયર બ્રિગેડે હાઈવે અને ડીઝલ ટેન્કર પર રસાયણોનો છંટકાવ કર્યો.

ટેન્કર ડ્રાઈવર જીતેન્દ્ર કુમારે જણાવ્યું કે, તે ચાર ટેન્કર સાથે કાનપુરથી સોનભદ્ર જિલ્લા જઈ રહ્યો હતો. પાછળથી આવતી ટ્રક ટેન્કર સાથે અથડાઈ, જેના કારણે ડીઝલ રસ્તા પર છલકાઈ ગયું. તેમણે જણાવ્યું કે અકસ્માતમાં આશરે રૂ. ૭ લાખનું નુકસાન થયું છે અને ઉચ્ચ અધિકારીઓને જાણ કરવામાં આવી છે. માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને એક કલાકથી અંદર ફસાયેલા હેલ્પરને બચાવ્યો. ડ્રાઈવર અને હેલ્પર બંનેને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને કાનપુર રિફર કરવામાં આવ્યા હતા.

ટેન્કરને નુકસાન થવાને કારણે, તેલ હાઈવે પર વહેવા લાગ્યું. ડીઝલ વહેતું જોઈને, લોકો ડોલ અને બોટલો લઈને તેને એકત્રિત કરવા દોડી આવ્યા. લોકોએ હાઈવેની કિનારે જમા થયેલ ડીઝલ અને ટેન્કરમાંથી વહેતુ ડીઝલ ડોલ અને બોટલોમાં એકઠું કરવાનું શરૂ કર્યું.ઘણા લોકો બોટલ, કેન અને અન્ય કન્ટેનરમાં ડીઝલ ભરતા જોવા મળ્યા. પોલીસે ભીડને શાંત કરવાનો અને પરિસ્થિતિને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો. હાઈવે પર થોડા સમય માટે અવ્યવસ્થા ફેલાયેલી રહી હતી. ટ્રાફિક પુનઃસ્થાપિત કરવા માટે પોલીસે ક્રેનની મદદથી ક્ષતિગ્રસ્ત વાહનોને રસ્તા પરથી દૂર કરવાનું શરૂ કર્યું. સમગ્ર ઘટનાની તપાસ ચાલી રહી છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ગળા બચાવો

## ચાઈનીસ દોરી મામલે તંત્ર ઉંડું ઉતરતું નથી,માત્ર છબછબિયાં



મકર સંક્રાંતિ પર્વના ઢોલ વાગવા શરુ થઇ ગયા છે.ફરીથી રાજકોટ સહિતના શહેરોમાંથા જીવલેણ ચાઈનીસ દોરી ઝડપાવાનો સીલસીલો શરુ થયો છે.ઉત્તરાયણ નજીક આવતાં જ ગુજરાતમાં ચાઈનીસ દોરીનો કાળો ધંધો ફૂલેફાલે છે. આ દોરી માત્ર પતંગ નથી કાપતી, તે નિર્દોષ પશુ-પક્ષીઓ અને નાગરિકોના ગળા કાપે છે.

દર વર્ષે જીવલેણ અકસ્માતો થાય છે, છતાં તંત્રની કાર્યવાહી માત્ર કાગળ પરની ઔપચારિકતા બની રહે છે. આ 'ગળાકપોત્સવ' ક્યારે અટકશે? આ બાબતે તંત્રમાં ગંભીરતાનો સ્પષ્ટ અભાવ જોવા મળે છે.ચાઇનીસ દોરી સાથે સામાન્ય વ્યાપારી જ કેમ પકડાય છે, તેવા સવાલો તંત્ર સામે ઉઠવા જોઈએ.

લાગે છે કે ચાઈનીસ દોરી જેવા અતિ ગંભીર પ્રકરણમાં તંત્રને રસ નથી અથવા સેટિંગ થયા હશ.તંત્રનું વલણ આ મામલે અત્યંત નિરાશાજનક છે. પોલીસની કામગીરી માત્ર રસ્તા પરના નાના છૂટક વેપારીઓ પૂરતી સીમિત છે. આ કાર્યવાહી 'નદીમાં માત્ર છબછબિયાં' કરવા સમાન છે. જ્યારે પણ ઓપરેશન થાય છે, ત્યારે માત્ર નાની માછલીઓ પકડાય છે. આ દોરીનો મોટા પાયે સંગ્રહ કરનારા, આયાત કરનારા અને બ્લેક માર્કેટિંગ કરનારા મોટા માથા હંમેશાં છટકી જાય છે.

તંત્ર 'ખાળે ડુચ્ચા' કેમ દે છે? દરવાજા મોકળા જ રહે છે તેનું શું ?મોટા સપ્લાયરો અને ઉત્પાદકો સુધી તંત્ર કેમ પહોંચી શકતું નથી? શું તેમને કોઈ રાજકીય કે વગદાર વ્યક્તિનો ટેકો છે? જ્યાં સુધી આ ઉત્પાદન અને સપ્લાયની ચેઇન તોડવામાં નહીં આવે, ત્યાં સુધી આ ઝેરી દોરી બજારમાં આવતી રહેશે. નાના વેપારીને પકડીને તંત્ર સંતોષ માને છે, પણ તે માત્ર ખાળે ડુચ્ચા દેવા જેવું છે. મૂળભૂત સમસ્યા ઉત્પાદનના જડમાં છે.

નિર્દોષના હત્યારાઓને ઝેર કરવા જરૂરી છે.નિર્દોષના ગળા કાપનારા આ ઉત્પાદકો અને સપ્લાયરોને સખતમાં સખત સજા થવી જોઈએ. કાયદો એટલો કડક થવો જોઈએ કે કોઈને આવો ધંધો કરવાની હિંમત ન થાય. માત્ર દંડ નહીં, પણ તેમની મિલકતો જપ્ત કરીને તેમને લાંબા સમય માટે જેલમાં ધકેલવા જોઈએ. આ વેપારીઓ હકીકતમાં જીવલેણ હુમલો કરનારા અપરાધીઓ છે.

તાત્કાલિક ગુજરાત વ્યાપી પ્રહાર અનિવાર્ય છે. માત્ર ટુકડે-ટુકડે કાર્યવાહી ચલાવી લેવાશે નહીં. તંત્રએ તાત્કાલિક ગુજરાત વ્યાપી ઓપરેશન શરૂ કરવું જોઈએ. સમગ્ર રાજ્યમાં એકસાથે આ દોરીના ઉત્પાદનના એકમો અને મોટા સંગ્રહ ગોદામો પર રેડ પડવી જોઈએ. ઉત્પાદકોને ઝડપો, તેમના નેટવર્કને ધ્વસ્ત કરો. જો તંત્ર ઈચ્છે તો એક મહિનામાં આ સમસ્યાનો અંત લાવી શકે છે.જનતાની જિંદગી સાથેનો આ ખેલ બંધ થવો જોઈએ. તંત્રએ પોતાની ઉદાસીનતા છોડીને આ કાળમુખી દોરી પર કાયમી પ્રતિબંધ મૂકવા માટે મૂળ પર પ્રહાર કરવો જ પડશે.

# બંગાળની ખાડીમાં ભારતનું NOTAM

## ભારત કંઇક મોટું કરવા જઇ રહ્યું : વિમાન-શીપ બધુ બંધ; પાકિસ્તાન-બાંગ્લાદેશના શ્વાસ અધ્ધર!

નવીદિલ્હી, તા.૧૪
ભારત એકવાર ફરી કંઇક મોટું કરવા જઈ રહ્યું છે. આ જ કારણ છે કે, રાજકારણના રૂપે મહત્ત્વપૂર્ણ બંગાળની ખાડીમાં ૨૫૨૦ કિલોમીટર સુધી NOTAM (Notice to Airmen/Air Mission) જાહેર કર્યું છે. જેનો અર્થ એ છે કે, નક્કી તારીખ અને સમયે બંગાળની ખાડીમાં સંબંધિત રૂટથી ન તો કોઈ એરક્રાફ્ટ પસાર થશે અને ન તો કોઈ શિપ આ માર્ગે ટ્રાવેલ કરી શકશે. જેનો હેતુ કોઈપણ પ્રકારની દુર્ઘટના રોકવાનું છે. ભારતે બંગાળની ખાડીમાં અઢી હજાર કિલોમીટર સુધી નો ફ્લાઇ ઝોનની જાહેરાત એવા સમયે કરવામાં આવી છે, જ્યારે પાડોશી દેશ પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં કોઈને કોઈ કારણોસર હાહાકારની સ્થિતિ છે. બાંગ્લાદેશમાં ચૂંટણી પંચની ઓફિસમાં સામાન્ય લોકોએ આગચંપી કરી દીધી હતી તો વળી પાકિસ્તાનમાં દેશની વફાદાર માનવામાં આવતી ગુપ્ત એજન્સી ISIના પૂર્વ ચીફ ફૈઝ હમીદનું જ કોર્ટ માર્શલ કરી દેવાયું છે.

DRDOએ ૧૭થી ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ની વચ્ચે બંગાળની ખાડીમાં એક મિસાઇલ પરીક્ષણ નક્કી કરવામાં આવ્યું છે. જેના કારણે ૨૫૨૦ કિલોમીટર સુધી ખૂબ મોટું નો ફ્લાઇ અને નો શિપ ઝોન જાહેર કરાયું છે. આ NOTAM રોજ સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા (ભારતીય સમયાનુસાર) સુધી લાગુ રહેશે. આ ઓક્ટોબરમાં થયેલા પરીક્ષણના ૧૪૮૦ કિલોમીટરના ક્ષેત્રથી ઘણું મોટું છે, જેનાથી સંકેત મળે છે કે, આ વખતે લાંબી દૂરીની મિસાઇલનું પરીક્ષણ થઈ શકે છે. સુરક્ષાના કારણોસર નાગરિક વિમાન અને જહાજોએ પોતાનો રસ્તો બદલવો પડશે. ભારતીય વાયુસેના અને નૌસેના આ વિસ્તારનું ધ્યાન રાખશે. કારણ કે, પરીક્ષણ દરમિયાન કાળમાળ પડવાની આશંકા રહે છે.



NOTAM નો અર્થ Notice to Airmen છે. આ એક સત્તાવાર સૂચના હોય છે, જેનાથી પાઇલટ અને એરલાઇન્સને ઉડાન માટે જરૂરી જાણકારી આપવામાં આવે છે. કોઈ વિસ્તારમાં ઉડાન માટે જોખમ હોય અથવા કોઈ વિશેષ ગતિવિધિ હોય (જેમ કે, મિસાઇલ પરીક્ષણ, સૈન્ય અભ્યાસ, રનવે બંધ થવો) ત્યારે NOTAM જાહેર કરવામાં આવે છે. સામાન્ય લોકો પર તેની કોઈ સીધી અસર નહીં પડે, પરંતુ અમુક આંતરરાષ્ટ્રીય ફ્લાઇટના રૂટને બદલી શકે છે અથવા ફ્લાઇટમાં મોડું થઈ શકે છે. આ ફ્લાઇટ અને સમુદ્રી સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે જરૂરી હોય છે, જેથી કોઈ દુર્ઘટના ન થાય.હવે સવાલ એ ઊભો થાય છે કે, DRDOનો પ્લાનિંગ શું છે, કે અઢી હજાર કિ.મીથી વધુના વિસ્તાર માટે NOTAM જાહેર કરવામાં આવ્યું છે. અહેવાલ અનુસાર, આ ટ્રાયલનું સ્વરૂપ K-4 સબમરીનથી છોડવામાં આવતી બેલિસ્ટિક મિસાઇલ (SLBM)થી મેળ ખાય છે. આ ભારતની આધુનિક ઘન બળતણવાળી મિસાઇલ છે, જે અગ્નિ મિસાઇલ સિરીઝ પર આધારિત છે. K-4 કાર્યક્રમનો હેતુ પરમાણુ ક્ષમતાવાળી સબમરીનથી છોડવામાં આવતી મિસાઇલને વિકસિત કરવાનું છે. જેથી ભારતના પરમાણું ત્રિકોણ (જળ, થળ, વાયુ)ના સમુદ્રી ભાગને મજબૂત કરવામાં આવી શકે છે. આ ટૂંકા અંતરની K-15 સાગરિકાની મર્યાદાઓને દૂર કરે છે. DRDOની ડિફેન્સ રિચર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી (DRDL)ના નેતૃત્વમાં બનેલી આ મિસાઇલ અગ્નિ-III ટેક્નિક પર આધારિત છે, જેનાથી તેની સુરક્ષા અને બીજીવાર જવાબી હુમલાની ક્ષમતા વધે છે. તેનો વિકાસ ૨૦૦૯માં INS અરિહંતના લોન્ચ બાદ શરૂ થયો.

INS અરિહંત (૨૦૧૬માં કમિશન) અને INS અરિઘાત (૨૦૨૪) માં પ્રત્યેકમાં ૪-૪ K-4 મિસાઇલ તૈનાત છે. S4 કેટેગરીની સબમરીન (૨૦૨૫ બાદ) આ સંખ્યા ૮ સુધી થઈ જશે. વર્ષ ૨૦૨૫ના મધ્ય સુધી K-4એ અરિહંત શ્રેણીની પરમાણુ સબમરીન પર સંપૂર્ણ રીતે ઓપરેશનલ કેપેબિલિટી હાંસલ કરી લીધી છે. ૧૭-૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ વચ્ચે બંગાળની ખાડીમાં જાહેર NOTAM (૨૫૨૦-૩૫૫૦ કિ.મી ક્ષેત્ર) સંભવતઃ K-4ની આગળની પુષ્ટિ અથવા યુઝર ટ્રાયલ માટે છે. K-4 મિસાઇલ સુરક્ષિત સમુદ્રી ઊંડાણથી ચીન અને પાકિસ્તાન સુધી નિશાનો સાધી શકે છે. તેની મારક ક્ષમતા K-15ની ૭૫૦ કિ.મી સીમાથી ઘણી વધારે છે, જેનાથી ભારતનો પરમાણુ ત્રિકોણ પૂરૂ થાય છે. ત્યારબાદ K-5 (૫૦૦૦+ કિ.મી પરીક્ષણમાં) અને K-6 (૮૦૦૦ કિ.મી MIRV ક્ષમતાવાળી) મિસાઇલ ૨૦૩૦ના દાયકા સુધી જપ શ્રેણીની સબમરીન માટે વિકસિત કરવામાં આવી રહી છે. સ્વદેશી ટેક્નિકથી ઉત્પાદન વધારવામાં આવી રહ્યું છે, જે વિશાખાપટ્ટનમમાં પૂર્વી નૌસેના મોટા વિસ્તારથી જોડાયેલું છે. K-4 મિસાઇલની લંબાઈ ૧૦-૧૨ મીટર, વ્યાસ ૧.૩ મીટર અને વજન ૧૭-૨૦ ટન છે. આ ૧-૨ ટનનું પેલોડ લઈ જઈ શકે છે, જેમાં MIRV વારહેડ પણ સામેલ થઈ શકે છે. તેની રેન્જ ૩૦૦૦-૩૫૦૦ કિ.મી છે (ઓછા ભાર પર ૪૦૦૦ કિ.મી સુધી) છે. તેમાં GPS/NavIC સાથે સંકલિત ઇનર્શિયલ નેવિગેશન સિસ્ટમ છે, જે ૧૦ મીટર (CEP) કરતા ઓછી ચોકસાઈ પ્રદાન કરે છે. તેને ૨૦-૫૦ મીટરની ઊંડાઈથી સબમરીનથી લોન્ચ કરી શકાય છે અને તે અરિહંત-ક્લાસ વર્ટિકલ લોન્ચ સિસ્ટમ સાથે સંકલિત છે.

# ૧૦૦૦ કરોડના સાયબર કૌભાંડમાં ૧૭ ઝડપાયા

## ૬ રાજ્યોમાં ૨૭ સ્થળો પર દરોડા : લોન અને નોકરીની લાલચ આપી લોકોને છેતરતી'તી ૫૮ કંપની

નવીદિલ્હી, તા.૧૪
ભારતના ૬ રાજ્યોમાં ૨૭ જેટલા સ્થળો પર ૫૮ જેટલી કંપની દ્વારા કરવામાં આવતા સાયબર ફ્રોડ સુધી કેન્દ્રીય તપાસ એજન્સી પહોચી ગઈ છે.અત્યાર સુધીમાં ૧૭ આરોપીઓ સામે ગુન્હો દાખલ કરીને ચાર્જશીટ દાખલ કરાઈ છે. સીબીઆઈના એક અંદાજ મુજબ ૧૦૦૦ કરોડનું સાયબર કૌભાંડનો પર્દાફાશ કરવામાં સફળતા મળી છે.

કેન્દ્રીય તપાસ એન્જસી (CBI)એ સાયબર ફ્રોડ ગુનેગારો વિરુદ્ધનું મોટું ઓપરેશન પાર પાડી ૧૦૦૦ કરોડનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. સીબીઆઈએ દેશ અને વિદેશી સંચાલીત થતા આ નેટવર્કનો ખુલાસો કરી ચાર વિદેશી નાગરિક સહિત ૧૭ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. એજન્સીએ ૬રાજ્યોમાં ૨૭ સ્થળો પર દરોડા પાડ્યા હતી, જેમાં ૫૮ કંપનીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. તપાસમાં સાયબર નેટવર્ક દ્વારા ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુની ગેરકાયદે રકમની દેશ-વિદેશમાં હેરાફેરી થઈ હોવાનું પણ સામે આવ્યું છે.

રિપોર્ટ મુજબ, આવું કૌભાંડ દેશના અનેક રાજ્યોમાં ફેલાયેલું હતું અને ઓનલાઈનથી હજારો સામાન્ય નાગરિકોને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. આરોપીઓ સામાન્ય નાગરિકોને ભ્રામક લોન એપ, નકલી રોકાણ યોજના, પોન્ઝી સ્કીમ, નકલી પાર્ટટાઈમ જોબ ઓફર અને ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મથી છેતરીને રૂપિયા પડાવતા હતા. અગાઉ સાયબર ફ્રોડની અનેક ફરિયાદો સામે આવી હતી, ત્યારબાદ સીબીઆઈએ ઊંડાણપૂર્વક તપાસ કરી પીડિતના ખાતામાંથી ઠગો પહોંચતા નાણાંનું નેટવર્ક, ગુનેગારોની ડિજિટલ નિશાની, ફ્રોડ નેટવર્ક્સ દ્વારા ઉપયોગમાં લેવાતા પેમેન્ટ ગેટવે અને માર્ચન્ટ આઈડી સહિતની તપાસ કરતા તેમાં અનેક સમાનતા જોવા મળી હતી. ત્યારબાદ સીબીઆઈએ ઓક્ટોબર-૨૦૨૫માં સાયબર ફ્રોન મામલે ત્રણ મુખ્ય ભારતીય સાથીદારોની ધરપકડ કરી હતી. તેઓની પૂછપરછમાં અનેક ખુલાસા થયા બાદ સીબીઆઈએ તપાસ વધુ તેજ બનાવી દીધી હતી.




સીબીઆઈની તપાસ મુજબ, સાયબર ફ્રોડો લોકોને છેતરવા માટે હાઈ-ટેક ટેકનોલોજીનો ઉપયોગ કરતા હતા. તેઓ ગુગલ એડ્સ, બલ્ક SMS કેમ્પેઈન, સીમ-બોક્સથી મોકલાતા મેસેજ સિસ્ટમ, ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અનેક મ્યૂલ બેંક એકાઉન્ટ્સનો ઉપયોગ કરતા હતા. કૌભાંડના માસ્ટર માઈન્ડોની ઓળખ છુપાયેલી રહે અને કાયદાકીય એજન્સીઓના હાથે પણ ન લાગે તે માટે સાયબર ફ્રોડો હાઈટેક યોજના પર કામ કરી રહ્યા હતા. તપાસમાં એવો પણ ખુલાસો થયો છે કે, 'સાયબર ફ્રોડ નેટવર્ક હેઠળ ૧૧૧ બનાવટી કંપનીઓ બનાવવામાં આવી હતી. આ કંપનીઓ નકલી ડાયરેક્ટર, દસ્તાવેજ, સરનામા હેઠળ રજિસ્ટર્ડ થયેલી હતી. એટલું જ નહીં આ બનાવટી કંપનીઓના નામે બેંક એકાઉન્ટ અને પેમેન્ટ ગેટવે મર્ચેન્ટ એકાઉન્ટ પણ ખોલવામાં આવ્યા હતા. આરોપીઓ છેતરપિંડીથી મેળવેલા નાણાંને અનેક કંપનીઓમાં ટ્રાન્સફર કરીને ડાયવર્જન કરી દેતા હતા.સીબીઆઈએ અનેક એકાઉન્ટનું એનાલિસીસ કર્યું હતું, જેમાં અનેક ખાતાઓમાં ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમની ટ્રાન્સફર થઈ હોવાનો ખુલાસો થયો છે. આમાંથી એક બેંક એકાઉન્ટમાં ઓછામાં ઓછા ૧૫૨ કરોડ રૂપિયાથી વધુની રકમ જમા થઈ હતી.

સીબીઆઈએ ઓપરેશન હેઠળ કર્ણાટક, તમિલનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ, ઝારખંડ અને હરિયાણામાં કુલ ૨૭ ઠેકાણાઓ પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં અનેક ડિજિટલ ડિવાઈસ, દસ્તાવેજો અને નાણાંકીય રેકોર્ડ જપ્ત કરવામાં આવ્યા બાદ તેની ફોન્સિંક તપાસ કરાઈ હતી. આ તપાસમાં સામે આવ્યું કે, આ આખા સાયબર ફ્રોડ નેટવર્કને વિદેશથી ઓપરેશન કરવામાં આવતું હતું. તપાસ દરમિયાન બે ભારતીય આરોપીઓના બેંક એકાઉન્ટના યુપીઆઈ આઈડી ઓગસ્ટ-૨૦૨૫ સુધી વિદેશી લોકેશન પર એક્ટિવ હતા. સીબીઆઈએ ચારેય વિદેશી માસ્ટરમાઈન્ટ, તેઓના ભારતીય સાથીદારો અને ૫૮ કંપનીઓ વિરુદ્ધ અનેક કલમો હેઠળ કેસ નોંધ્યો છે. અનેક ફરિયાદો સામે આવ્યા બાદ સીબીઆઈએ ઓપરેશન ચક્ર-૫ હેઠળ આ આખું નેટવર્ક ધડપી પાડ્યું છે.

।। પ્રેમભક્તિના હસ્તાક્ષરે ।।



ખાઈ માં પડેલો માણસ, બહાર નીકળી શકે છે, પરંતુ "અદેખાઈ "માં પડેલો માણસ, ક્યારેય બહાર નીકળી શકતો નથી.

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# સિડનીના યહૂદી ફેસ્ટિવલમાં અંધાધુંધ ગોળીબાર

## ૧૦ લોકોના મોત : બોન્ડી બીચ પર હનુક્કાહ મેળાવડા દરમિયાન બનેલી ઘટનામાં અનેક લોકોના મોતની આશંકા

સિડની. તા.૧૪
સિડની શહેર સ્થિત બોન્ડી બીચ પર સેંકડોની સંખ્યામાં લોકો ઉજવણી કરી રહ્યા હતા. તે સમયે જ અચાનક જ બે શખ્સે અંધાધુંધ ગોળીઓ વરસાવતા ૧૦થી વધુ લોકોના મોત થયા છે જ્યારે મોટી સંખ્યામાં ઈજાગ્રસ્તોને આસપાસની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા મોતના આંકડા અંગે સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ગજ્ઞ પોલીસ વિભાગે ઘટના મામલે એક્સ પર પોસ્ટ કરી જણાવ્યું કે, ફાયરિંગ બાદ બે હુમલાખોરોની અટકાયત કરવામાં આવી છે. જોકે ઓપરેશન હજુ ચાલુ છે. જેથી લોકોને પોલીસ દ્વારા અપાતી સૂચનાનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાને શોક વ્યક્ત કરતાં કહ્યું કે બોન્ડી બીચના દ્રશ્યો અત્યંત ભયાનક અને વિચલિત કરી દે તેવા છે. લોકોના જીવ બચાવવા માટે પોલીસ ઓપરેશન ચલાવી રહી છે.

રવિવારે સાંજે બોન્ડી બીચ પર મોટી ભીડ પર ડઝનબંધ રાઉન્ડ ફાયરિંગ થયા બાદ અનેક લોકોના મોતની આશંકા છે. જેના કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને પોલીસે લોકોને આશ્રય લેવાની ચેતવણી આપી હતી., ઘટના સાંજે ૬.૪૦ વાગ્યા પછી બની હતી, જે હનુક્કાહની પહેલી રાત્રિ સાથે સુસંગત છે. વિસ્તારના રહેવાસીઓએ પોલીસ વાહનો બોન્ડી તરફ દોડી રહ્યા હોવાનું જણાવ્યું હતું કારણ કે અંધાધૂંધીના દ્રશ્યો વચ્ચે મોટી સંખ્યામાં લોકો બીચ પરથી ભાગી ગયા હતા. પોલીસે પાછળથી પુષ્ટિ આપી હતી કે બોન્ડી બીચ પર બે લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા, જ્યારે ઘટના દરમિયાન ઓછામાં ઓછા એક શંકાસ્પદ બંદૂકધારીનું મોત થયું હોવાનું માનવામાં આવે છે.ઘટનાસ્થળે હાજર લોકોએ લોકોના મોતની જાણ કરી હતી, જેમાં ઘાયલોને એમ્બ્યુલન્સ દ્વારા રેન્ડવિકની પ્રિન્સ ઓફ વેલ્સ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.



## સુરેન્દ્રનગરના લીંબડી પંથકમાં SMC ત્રાટકી

# જાખણના ખેતરમાં કટિંગ વખતે દરોડોઃ ૪૩ લાખનો દારૂ ઝડપાયો

## દારૂની ૩૪૦૯ બોટલ, બે વાહનો અને મોબાઈલ મળી રૂ. ૬૩,૫૭,૭૦૦નો મુદ્દામાલ સાથે બે દબોચાયા








રાજકોટ, તા. ૧૪
સુરેન્દ્રનગર જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. લીંબડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા જાખણ ગામે ભગીરથસિંહ છત્રસિંહ ઝાલાના ખેતરમાં વિદેશી દારૂનું કટિંગ ચાલી રહ્યું હોવાની બાતમી મળતા જ્બઈના પીઆઈ આર.કે. કરમટા અને તેમની ટીમે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, આ દારૂનો જથ્થો પંજાબના મોહાલી અને ચંદીગઢ સ્થિત યુનાઈટેડ સ્પિરિટ્સ અને પરનોડ રિકાર્ડ જેવી ડિસ્ટલરીમાંથી મંગાવવામાં આવ્યો હતો.

પોલીસની આ કાર્યવાહીમાં ઘટનાસ્થળેથી વિદેશી દારૂની નાની-મોટી કુલ ૩૪૦૯ બોટલો જપ્ત કરવામાં આવી છે, જેની બજાર કિંમત રૂ. ૪૩,૪૯,૭૦૦ થાય છે. આ ઉપરાંત, દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલા ૨૦ લાખની કિંમતના બે વાહનો અને ૮૦૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૬૩,૫૭,૭૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી કુલદીપ બાબુભાઈ ઝીંઝુવાડીયા અને મિથુન કનૈયાલાલ રોત (બંને રહે. લીંબડી) ને ઝડપી લીધા હતા અને લીંબડી પોલીસને સોંપ્યા હતા. જોકે, દારૂ મંગાવનાર મુખ્ય સૂત્રધાર તનવીર જીતેન્દ્રસિંહ ઝાલા (રહે. સાઉકા), રાહુલ ઉર્ફે ખોરી ઝીંઝુવાડીયા, શૈલેષભાઈ કળસવા, ખેતર માલિક ભગીરથસિંહ ઝાલા તેમજ વાહનોના ડ્રાઈવર અને માલિકો સહિત કુલ ૭ આરોપીઓ વોન્ટેડ જાહેર કરાયા છે, જેમની શોધખોળ ચાલુ છે. પકડાયેલા અને ફરાર આરોપીઓ વિરુદ્ધ લીંબડી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# દિવ્યાંગો હવે પસંદગીના કેન્દ્ર પર આપી શકશે પરીક્ષા

## યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)નો મહત્વપૂર્ણ નિર્ણય



નવી દિલ્હી, તા.૧૪
યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)એ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જેનાથી દિવ્યાંગ ઉમેદવારોને રાહત મળી છે. કમિશને જાહેરાત કરી છે કે હવેથી, દિવ્યાંગ ઉમેદવારોને બધી પરીક્ષાઓ માટે તેમના પસંદગીના કેન્દ્ર ફાળવવામાં આવશે.

કમિશનનો આ નિર્ણય દિવ્યાંગ ઉમેદવારો માટે પરીક્ષા પ્રક્રિયાને વધુ આરામદાયક બનાવવા માટે લેવામાં આવ્યો હતો. તેમના મતે, તેમને ગતિશીલતાના પડકારોનો સામનો કરવો પડે છે, પરંતુ પરીક્ષા માટે દૂર મુસાફરી કરવી એક પડકાર હશે, તેથી જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે, દરેક દિવ્યાંગ ઉમેદવાર પોતાની પસંદગીનું કેન્દ્ર પસંદ કરી શકશે.

UPSCના ચેરમેન અજય કુમારે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષના પરીક્ષા કેન્દ્રોના ડેટાનું વિશ્લેષણ કર્યા પછી એવું જાણવા મળ્યું છે કે દિલ્હી, કટક, લખનઉ અને પટના જેવા કેટલાક પરીક્ષા કેન્દ્રો સામાન્ય અરજદારોની માંગને કારણે ઝડપથી ભરાઈ જાય છે. આનાથી દિવ્યાંગ ઉમેદવારો માટે ઉપલબ્ધ વિકલ્પો મર્યાદિત થઈ જાય છે, જેના કારણે તેમને એવા વિકલ્પો પસંદ કરવાની ફરજ પડે છે જે તેમના માટે અનુકૂળ ન હોય અને આનાથી તેમના માટે અનેક મુશ્કેલીઓ ઊભી થાય છે. તેથી, આ નિર્ણય તેમના માટે ખૂબ ફાયદાકારક છે.

અધ્યક્ષે વધુમાં જણાવ્યું હતું કે તેઓ ખુશ છે કે આ નિર્ણયથી, દરેક દિવ્યાંગ ઉમેદવાર હવે તેમની પસંદગીનું કેન્દ્ર પસંદ કરી શકશે. જો કે, તેમણે સ્વીકાર્યું કે મુસાફરી દિવ્યાંગ ઉમેદવારો પર નોંધપાત્ર અસર કરે છે, જે તેમના પરીક્ષા પ્રદર્શનને પણ અસર કરે છે.

નિર્ણયને અમલમાં મૂકવા માટે, કમિશને સ્પષ્ટતા કરી છે કે દરેક પરીક્ષા કેન્દ્રની ક્ષમતા શરૂઆતમાં બેન્ચમાર્ક દિવ્યાંગ વ્યક્તિઓ અને બિન-દિવ્યાંગ ઉમેદવારો બંને માટે ઉપયોગમાં લેવામાં આવશે. જો કે, એકવાર કેન્દ્ર ભરાઈ જાય, પછી તે બિન-દિવ્યાંગ ઉમેદવારો માટે ઉપલબ્ધ રહેશે નહીં. જો કે, દિવ્યાંગ ઉમેદવારો હજુ પણ તે પરીક્ષા કેન્દ્ર પસંદ કરી શકશે.

# સાયબર ફ્રોડની રકમ ખાતામાં જમા કરાવનાર ૮ ઝડપાયા

## પોર્ટલના ઈનપુટ્સના આધારે થયેલી ફરિયાદોને લઈને જુનાગઢ રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા તપાસ શરૂ

રાજકોટ, તા.૧૪
જૂનાગઢના ૯ બેંક ખાતા ધારકોના એકાઉન્ટમાં સાયબર ભેજાબાજોએ જમા કરાવતા જુનાગઢ રેન્જ સાયબર ક્રાઇમ દ્વારા આઠ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.પોલીસની સમન્વય પોર્ટલના ઈનપુટ્સના આધારે થયેલી ફરિયાદોને લઈને જુનાગઢ રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. ભારત ભરમાં સાયબર ફ્રોડ કરીને મેળવેલી રકમ જૂનાગઢના ૯ બેંક ખાતા ધારકોના એકાઉન્ટમાં જમા કરાવતા જુનાગઢ રેન્જ સાયબર ક્રાઇમ દ્વારા આઠ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.પોલીસની સમન્વય પોર્ટલના ઈનપુટ્સના આધારે થયેલી ફરિયાદોને લઈને જુનાગઢ રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ આરોપીઓ અને તેમના મળતીયાઓએ બદ ઈરાદે બેંકોમાં ખાતા ખોલાવી ઈન્ટરનેટ બેન્કિંગ શરૂ કરાવ્યું હતું. ૯ બેંક એકાઉન્ટોનો ઉપયોગ કરીને સાયબર ક્રિમિનલે ભારતના વિવિધ રાજ્યોના લોકોને છેતર્યા હતા.

અંદાજે ૨૫૩ કરોડની રકમની છેતરપિંડી પૈકી આશરે ૧૩,૨૭,૧૩,૫૧૩ જેટલી માતબર રકમ આ ખાતાઓમાં જમા કરાઈ હતી.જે અંગે રાષ્ટ્રીય કક્ષાના ગઈઈછ્ઝ પોર્ટલ પર ૩૬૦ ઓનલાઈન ફરિયાદો નોંધાઈ છે. જેના આધારે પોલીસે જે ફ્રોડની રકમ જૂનાગઢના બેંક એકાઉન્ટમાં જમા થઈ હતી તે ૮ બેંક એકાઉન્ટ હોલ્ડરોની ધરપકડ કરવામાં આવી છે.પકડાયેલા તમામ ૮ આરોપીઓ મુખ્ય સૂત્રધારોના મળતીયાઓ તરીકે કામ કરતા હતા. જેઓ કમિશનની લાલચમાં તેમના બેંક એકાઉન્ટ સાયબર ગઠિયાઓને ભાડા પેટે આપી દેતા હતા.જુદી જુદી બેંકની વાત કરીએ તો ડ્ગઇ, કેનરા, ઈન્ડિયન બેંક, એક્સિસ, ઇઘઇ, યશ બેન્કમાં ખાતા ખોલાવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.



પકડાયેલા આરોપીઓમાં જૂનાગઢનો આલેખ ઉર્ફે પવન ગાગનદાસ હિરાણી, જાવિદ કાળુભાઈ તુર્ક પઠાણ, ભતભાઈ ક્રાંતિભાઈ દેત્રોજા, પોરબંદરનો અરજણ ઉર્ફે અજીત કારાભાઈ ગરેજા, જુનાગઢ ના દોલતપરા નો અલ્તાફ કાળુભાઈ સમા, અલબક્ષ ઉર્ફે સોનુ હારૂનભાઈ સોઢા, ચિરાગ શાંતિલાલ સાધુ અને રક્ષીત પરસોતમભાઈ કાછડીયાની ધરપકડ કરવામાં આવી છે. ૨૫૩ કરોડના ફ્રોડની રકમ પૈકી ૧૩ કરોડ જેટલી રકમ જૂનાગઢના ૯ ખાતાધારકો ના ખાતામાં જમા કરાવવામાં આવી હતી. ઝડપાયેલા આઠ આરોપીઓની પોલીસે વધુ પૂછપરછ શરૂ કરી છે. વધુ એક આરોપી કે જે જેલમાં છે તેની પણ ધરપકડ કરવા પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. એજન્ટો તેમજ સાયબર ગઠિયાઓની શોધખોળ શરૂ કરાઈ છે.

## કોઈ તકેદારી વગર સોશિયલ મીડિયામાં શેર કરાતા પોલીસની કડક કાર્યવાહી

# દુષ્કર્મની પીડિતાની ઓળખ છતી કરનાર ૨૫ સામે ગુનો

રાજકોટ, તા.૧૪
રાજકોટ જિલ્લાના આટકોટમાં દુષ્કર્મ પીડિત દીકરી અને તેના પરિવારની ઓળખ છતી કરવી કોંગ્રેસ નેતા પ્રગતિ આહીરને ભારે પડી છે. જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) અધિનિયમ હેઠળ પ્રગતિ આહીર સહિત ૨૫ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. મહત્વનું છે કે રાજકીય નેતાઓ દ્વારા પીડિત પરિવારના ફોટા કોઈ તકેદારી વગર સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવ્યા હતા.

રાજકોટના જસદણમાં બનેલા નિર્ભયાકાંડ બાદ કોંગ્રેસના નેતા પ્રગતિ આહીર અને અન્ય આગેવાનો બાળકીના પરિવારજનોને સાંત્વના



ઘરે પહોંચ્યા હતા. પણ બાદમાં આગેવાનોએ પીડિત પરિવારની મુલાકાત કરતાં ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા હતા. બાળકોની સંભાળ અને સંરક્ષણ અધિનિયમ (જુવેનાઇલ જસ્ટિસ) મુજબ કોંગ્રેસ નેતા પ્રગતિ આહીર સહિતના હાજર આગેવાનોએ નિયમોનો ભંગ કર્યો હતો. જેથી તેમની સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

પોલીસ સમગ્ર મામલે કાર્યવાહી કરવાના મૂડમાં છે, સોશિયલ મીડિયા પર ફોટા કોણે અપલોડ કર્યા કર્યા કોને મોકલ્યા, કેટલા ગ્રુપોમાં નાખવામાં આવ્યા તેની પણ તપાસ આદરી દેવામાં આવી છે. મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સના ડિજિટલ પુરાવાની ખરાઈ શરૂ કરાઇ છે. પ્રગતિ આહિર સામે દાખલ થયેલી ફરિયાદમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયો છે કે, તેમણે પીડિત પરિવારની મુલાકાત દરમિયાન લીધેલા ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયા પર શેર કરીને તેમની ઓળખ જાહેર કરી છે, જે ગુનાહિત કૃત્ય છે.

જુવેનાઇલ જસ્ટિસ એક્ટ (કિશોર ન્યાય અધિનિયમ) ૨૦૧૫ પ્રકરણ ૯ હેઠળ બાળકો સામેના અન્ય ગુનાઓમાં કલમ ૭૪ હેઠળ બાળકોની ઓળખ છતી કરવા સામે નિષેધ કરવામાં આવ્યો છે. (પીડિત બાળકના પરિવારની ઓળખ છતી કરવી પણ ગુનો બને છે કારણ કે પરિવારની ઓળખ જાહેર કરવાથી બાળકની પણ ઓળખ જગજાહેર થઈ જાય છે.) કલમ ૭૬ની પેટાકલમ ૩ હેઠળ જોગવાઇનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિને છ માસ સુધીની કેદની સજા અથવા બે લાખ સુધી વધી શકે તેવા દંડ અથવા બંને સજા મળી શકે છે.

# વૃદ્ધાની વાજતેગાજતે નીકળી અંતિમ યાત્રા

## પાંચ પેઢીના સભ્યોએ ભજન-કીર્તન સાથે ભાવભીની વિદાય આપી

ગોંડલ તા.૧૪
ગોંડલમાં એક અનોખી અંતિમ યાત્રા જોવા મળી હતી. ગાયત્રી નગર મેઈન રોડ પર રહેતા કિશોરભાઈ ભાલાળાના માતૃશ્રી નંદુબેન ભાલાળાનું ૧૦૦ વર્ષથી વધુની ઉંમરે અવસાન થયું હતું.

સ્વર્ગવાસ બાદ, પરિવારજનોએ તેમના લાંબા અને સ્વસ્થ જીવનની ઉજવણી સ્વરૂપે તેમની અંતિમ યાત્રાને ભાવસભર બનાવી હતી. નંદુબેનની અંતિમ યાત્રા ઉઉં સાથે કાઢવામાં આવી હતી, જેમાં શોકને બદલે શ્રીનાથજી ઝાંખીના ભજન કીર્તન વાગી રહ્યા હતા.

નંદુબેને જીવનકાળ દરમિયાન તેમની પાંચ પેઢી જોઈને દેહત્યાગ કર્યો હતો. તેમના નિધનથી પરિવારજનોમાં દુઃખની લાગણી હતી, પરંતુ સાથે જ તેમણે મેળવેલા આશીર્વાદ અને સ્વસ્થ જીવન બદલ



સંતોષ પણ છે. અંતિમ સંસ્કાર પહેલાં પોતાના નિવાસસ્થાનની બહાર દરવાજાથી મુખ્ય રોડ સુધી કંકુ ચોખાના સાથિયા કરવામાં આવ્યા હતા. તેમને સૌથી નાના દીકરા કિશોરભાઈએ અગ્નિદાહ આપ્યો હતો.

વડીલ પ્રત્યે આદર વ્યક્ત કરતા, નંદુબેનના ચાર દીકરા, વહુ અને પૌત્રી સહિત સૌ પરિવારજનોએ તેમના પાર્થિવ દેહને કાંધ આપી હતી. મહત્વની વાત એ છે કે, નંદુબેન ૧૦૦ વર્ષથી વધુ જીવ્યા હોવા છતાં, તેમને અત્યારસુધીમાં કોઈ ગંભીર બીમારી થઈ નહોતી. તેમનું જીવન અત્યંત નિયમિત અને ધાર્મિક હતું તેઓ રોજિંદા સવારે જાગીને સ્નાન કર્યા બાદ એક કલાક જેટલો સમય માળા કરતા હતા.

નંદુબેનના અવસાનના ૩ - ૪ દિવસ અગાઉ જ તેમના બંને દીકરી, ચાર દીકરા, જમાઈઓ, પૌત્ર-પૌત્રીઓ સહિત સમગ્ર પરિવાર તેમના નિવાસસ્થાને આવી પહોંચ્યો હતો અને સૌએ તેમને ભાવપૂર્વક જમાડ્યા હતા. નંદુબેન તેમના સૌથી નાના દીકરા કિશોરભાઈ ભાલાળા સાથે રહેતા હતા. તેમના જવાથી સમગ્ર પરિવારમાં એક વડીલની છત્રછાયા ગુમાવ્યાની લાગણી છવાઈ છે.

### કોઈપણ બ્રાન્ડેડ વસ્તુની કોપી કરી રાજ્યમાં કાપડના વેપારીઓ સાથે થતા ફ્રોડ

# કાપડ બજારમાં પિતા-પુત્રનું ૩.૮૩ કરોડનું 'ફૂલેકું'

## ભોગ બનનાર વેપારીની ફરિયાદના આધારે પોલીસે પિતા-પુત્ર સહીત ત્રણને શોધવા ઠેરઠેર તપાસ

રાજકોટ, તા. ૧૪
રાજ્યમાં કાપડના વેપારીઓ સાથે થતા ફ્રોડની ઘટનાઓ ચિંતાનો વિષય બની રહી છે, ખાસ કરીને મોટા કાપડ બજારોમાં. આ ફ્રોડમાં મુખ્યત્વે બે પ્રકારની રીતોનો ઉપયોગ થાય છેઃ બનાવટી ઓર્ડર અને ચેક બાઉન્સ તેમજ નકલી વેપારીઓ. ફ્રોડ કરનારા તત્વો મોટે ભાગે અન્ય રાજ્યોમાંથી આવીને, શરૂઆતમાં નાના અને નિયમિત ઓર્ડર આપીને વેપારીનો વિશ્વાસ જીતે છે. એકવાર વિશ્વાસ કેળવાયા પછી, તેઓ મોટા ઓર્ડર મૂકે છે અને માલની ડિલિવરી લીધા બાદ ચુકવણી કર્યા વગર ગાયબ થઈ જાય છે. ઘણીવાર, તેઓ માલની ચુકવણી માટે જે ચેક આપે છે તે બોગસ ખાતાના અથવા અપૂરતા બેલેન્સવાળા નીકળે છે, જેને કારણે વેપારીને મોટું નુકસાન થાય છે. આ ઉપરાંત, કેટલાક કિસ્સાઓમાં, વેપારીના નામનો અથવા તેના જેવી જ કંપનીનો ઉપયોગ કરીને અન્ય વેપારીઓ પાસેથી માલ મંગાવીને છેતરપિંડી કરવામાં આવે છે. આ ફ્રોડના કિસ્સાઓ વેપારીઓ




માટે માત્ર નાણાકીય નુકસાન જ નહીં, પરંતુ તેમના વ્યવસાયની સ્થિરતા માટે પણ જોખમ ઊભું કરે છે.

આ વચ્ચે અમદાવાદના કાપડ બજારમાં વધુ એક રૂ. ૩.૮૩ કરોડની જંગી છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે, જેના કારણે વેપારી આલમમાં ખળભળાટ મચી ગયો છે. કાંકરિયા વિસ્તારમાં કાર્યરત 'જય શ્રી ક્રિએશન' નામની પેઢીના સંચાલકોએ વિવિધ વેપારીઓ પાસેથી ઉધારીમાં કાપડનો માલ ખરીદી, સમયસર પેમેન્ટ ન ચૂકવી કરોડોનું ઉઠમણું કર્યું છે.

છેતરપિંડીની રકમ કુલ રૂ. ૩,૮૩,૩૧,૭૬૩ છે, જેમાં મુખ્ય આરોપીઓ અજય મહેશકુમાર સુખીયાની, સન્ની મહેશકુમાર સુખીયાની અને મહેશકુમાર સુખીયાની છે. જેની પેઢીનું નામ જયશ્રી ક્રિએશન છે. નાના ચિલોડા વિસ્તારમાં રહેતા અને નારોલ ખાતે કે. એમ. પ્રિન્ટના ભાગીદાર વેપારી વિશાલભાઈ દીપકભાઈ ઇસરાનીએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ, આરોપીઓએ શરૂઆતમાં વિશ્વાસ કેળવવા પેમેન્ટ નિયમિત કર્યું હતું, પરંતુ ત્યારબાદ ૧૭ મે ૨૦૨૫ થી ૬ ઓગષ્ટ ૨૦૨૫ના ટૂંકા ગાળામાં તેમની પેઢી પાસેથી રૂ. ૧,૧૬,૦૦,૫૩૭ની કિંમતનું લેડીઝ ડ્રેસ મટીરીયલ ઉધારીમાં ખરીદ્યું. જેમાંથી માત્ર રૂ. ૩૮,૨૧,૩૮૦ ચૂકવ્યા હતા, અને બાકી નીકળતી રૂ. ૭૭,૭૯,૧૫૭ની રકમના આપેલા ૨૮ જેટલા ચેક પણ બેંકમાંથી રિટર્ન થયા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ત્રિપુટીએ માત્ર ફરિયાદીને જ નહીં, પરંતુ અન્ય સાહેદ વેપારીઓને પણ નિશાન બનાવ્યા હતા અને અલગ અલગ સમય દરમિયાન કુલ રૂ. ૩.૮૩ કરોડનું પેમેન્ટ દબાવી દીધું હતું. હાલની સ્થિતિમાં, કરોડો રૂપિયાનું ઉઠમણું કર્યા બાદ ત્રણેય આરોપીઓ પોતાની દુકાન બંધ કરી ફરાર થઈ ગયા છે. ભોગ બનનાર વેપારીની ફરિયાદના આધારે પોલીસે બાપ-દીકરા સહિત ત્રણ આરોપીઓ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રહલાદપ્લોટમાં ૫૮ હજારની ઘરફોડી

## પેલેસ રોડના વેપારીના લંડન સ્થિત બહેનના બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરો



રાજકોટ, તા.૧૪
શહેરના પ્રહલાદ પ્લોટ વિસ્તારમાં આવેલ એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૫૮,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરતાં ચકચાર મચી જવા પામી છે. જૈન વાણિયા અને પંકજ સાડી માર્ટના નામે વેપાર કરતા ફરિયાદી અજયભાઈ દલસુખલાલ શાહ (ઉ.વ. ૬૩)ના બહેન હિનાબેનનું મકાન ખાલી હોવાનો ગેરલાભ ઉઠાવી કોઈ અજાણી સ્ત્રીએ ચોરીને અંજામ આપ્યો હતો.

અજયભાઈ શાહ, જે સમજુ પેલેસ, પેલેસ રોડ, સંતોષ ડેરી સામે રહે છે, તેમણે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના મોટા બહેન હિનાબેન હાલ લંડન રહે છે અને તેમનું પ્રહલાદ પ્લોટ નં. ૦૭/૧૭ના ખૂણા પાસે આવેલું 'મહેતા કુંજ' નામનું મકાન હાલ ખાલી છે. આ મકાનમાં ફરિયાદીના માતા હંસાબેનના લગ્ન વખતનું ૬૦ વર્ષ જૂનું આણાનું તાંબા-પિત્તળનું કીમતી વાસણોનો જથ્થો રાખવામાં આવ્યો હતો.

ચોરીની ઘટના ગત તા. ૧૨/૧૨/૨૦૨૫ના રોજ બપોરના ૨ થી ૫ વાગ્યાના સમયગાળામાં બની હોવાનું અનુમાન છે. ફરિયાદી અજયભાઈ અને તેમના પત્ની હેમાલીબેન લગ્ન પ્રસંગમાં મોરબી ગયા હતા તે દરમિયાન આ ચોરી થઈ હતી. રાત્રે પોણા આઠ વાગ્યે મકાન સામે પગીપણ કરતા રસિકભાઈનો ફોન આવ્યો કે મકાનના ડેનું તાળું તૂટીને નીચે પડેલું છે અને બાજુમાં સળીયો પણ છે. જેથી તેઓ મોડી રાત્રે રાજકોટ પરત ફર્યા હતા અને તા. ૧૩/૧૨/૨૦૨૫ના રોજ સવારે સાડા નવ વાગ્યે દીકરી ફોરમબેન સાથે મકાન ચેક કરવા ગયા હતા. ઘરમાં જઈને જોતા તમામ વસ્તુઓ વેર-વિખેર હાલતમાં પડી હતી.

ચોરીમાં ગયેલ મુદ્દામાલમાં (૧) ચાર ખાનાવાળું પિત્તળનું ટિફિન (નંગ-૦૧), (૨) ત્રણ ખાનાવાળું પિત્તળનું ટિફિન (નંગ-૦૧), (૩) પિત્તળની ડોલ (નંગ-૦૪), (૪) પિત્તળના નાના-મોટા તપેલા (નંગ-૦૪), (૫) પિત્તળના કુંજા (નંગ-૦૩), (૬) તાંબાના ત્રાસ (નંગ-૦૨), (૭) પિત્તળના કડીવાળા ડબ્બા (નંગ-૦૨), (૮) પિત્તળની થાળી (નંગ-૦૧), (૯) પિત્તળના વાટકા (નંગ-૦૨), (૧૦) પિત્તળનો લોટો (નંગ-૦૧), (૧૧) તાંબાનો હાંડો (નંગ-૦૧), (૧૨) પિત્તળનો હાંડો (નંગ-૦૧), (૧૩) કાળા કલરના ધાતુ ફ્લાવર પોર્ટ (નંગ-૦૨), અને (૧૪) કાળા કલરના જર્મનનો ફ્લાવર પોર્ટ (નંગ-૦૧)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત કબાટમાં રાખેલ અંદાજિત રોકડ રૂ. ૮,૦૦૦ પણ જોવા મળી નહોતી. ત્રાંબા-પિત્તળના વાસણો અને રોકડ મળીને કુલ આશરે ૫૮,૦૦૦ની ચોરી થઈ છે.

ચોરીની પુષ્ટિ માટે ફરિયાદીએ ઘરની સામેના સોનીના વર્કશોપના સીસીટીવી ફૂટેજ ચેક કરાવ્યા હતા. ફૂટેજમાં ગત રોજ તા. ૧૨/૧૨/૨૦૨૫ના બપોરના ૨ થી ૫ વાગ્યાના સમયમાં એક અજાણી સ્ત્રી સળીયા વડે તાળું તોડી મકાનમાં પ્રવેશી રહી છે અને તે પિત્તળ અને તાંબાના જૂના વાસણો કોથળામાં નાખી ચોરી કરીને લઈ જતી સ્પષ્ટ નજરે પડે છે. અજયભાઈ શાહની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા વધુ એક કાર્યવાહી

# બેન્ક એકાઉન્ટ કીટ વેચી ૩૬.૨૦ લાખનું સાયબર ફ્રોડ

## ધવલ ચાવડાના બેન્ક એકાઉન્ટનો ઉપયોગ કરી ઈર્શાદઅલી ઠેબાપોત્રા અને અમન ચોટલીયાએ આંતર-રાજ્ય સાયબર ફ્રોડ આચર્યુંઃ ૮ હજારમાં કીટ વેચી હતી : 'મની મ્યૂલ' બનવાનું કૌભાંડ ઝડપાયું

રાજકોટ, તા.૧૪
રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસે એક મોટી કાર્યવાહીમાં આંતર-રાજ્ય સાયબર ફ્રોડના ૩૬,૨૦,૦૦૦ (છત્રીસ લાખ વીસ હજાર રૂપિયા) ના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ગુજરાત સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, ગાંધીનગર તરફથી મળેલ ચોક્કસ માહિતીના આધારે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. હેડ કોન્સ્ટેબલ સુધીરકુમાર રમેશભાઈ સુત્તરીયાની ફરિયાદ મુજબ, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમે તપાસ શરૂ કરી હતી.

પ્રાથમિક તપાસ દરમિયાન, પોલીસને બેન્ક ઓફ બરોડા, જાગનાથ પ્લોટ શાખાના એકાઉન્ટમાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન્સની વિગતો મળી હતી.સમન્વય પોર્ટલમાં તપાસ કરતા જાણવા મળ્યું કે આ એકાઉન્ટ વિરુદ્ધમાં તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્ર જેવા વિવિધ રાજ્યોમાં કુલ પાંચ ફરિયાદો નોંધાઈ હતી, જેમાં સાયબર ફ્રોડના કુલ ૩૬,૨૦,૦૦૦ જમા થયા હતા. આ બેન્ક એકાઉન્ટ રાજકોટના રહેવાસી ધવલ નરેશભાઈ ચાવડા રહે. મ્હેશ્વરી સોસાયટી-૧ના નામે હતું.

પોલીસ દ્વારા એકાઉન્ટ ધારક ધવલભાઈ ચાવડાની પૂછપરછ કરવામાં આવતા ફ્રોડની ચોક્કસ પદ્ધતિનો ખુલાસો થયો હતો. ધવલે કબૂલ્યું હતું કે તેણે ૮,૦૦૦ની લાલચમાં પોતાના બેન્ક એકાઉન્ટની સંપૂર્ણ કીટ (એટીએમ કાર્ડ, ચેક બુક, પાસબુક અને રજીસ્ટર સીમકાર્ડ સહિત) પોતાના ઓળખીતા ઈર્શાદઅલી ઠેબાપોત્રા મારફતે અમન કાસમભાઈ ચોટલીયાને આપી દીધી હતી. આ આરોપીઓએ ધવલના બેન્ક એકાઉન્ટનો ઉપયોગ સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા નાણાંને 'મની મ્યૂલ' તરીકે ટ્રાન્સફર કરવા માટે કર્યો હતો. ફ્રોડના ૩૬.૨૦ લાખ રૂપિયા આ એકાઉન્ટમાં જમા થતાં જ, આરોપીઓએ ચેક કે એ.ટી.એમ.નો ઉપયોગ કરીને તાત્કાલિક તે રકમ ઉપાડી લીધી હતી અને નાણાં સગેવગે કર્યા હતા.આ કૌભાંડમાં સંડોવાયેલા મુખ્ય આરોપી ધવલ નરેશભાઈ ચાવડા, ઈર્શાદઅલી ઠેબાપોત્રા અને અમન કાસમભાઈ ચોટલીયા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલમાં ઈર્શાદઅલી અને અમન કાસમ ચોટલીયા ફરાર છે અને પોલીસે તેમને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ- ૩૧૭ (૨) (નાણાં સગેવગે કરવા) અને કલમ- ૬૧ (૨) (ગુનાહિત કાવતરું) હેઠળ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.



### સાયબર ગઠિયાઓનો તરખાટઃ મની લોન્ડરિંગ કેસમાં સંડોવણીના નામે મુંબઈ પોલીસની ઓળખ આપી

# 'ડિજિટલ એરેસ્ટ' કરીને શિક્ષિકા પાસેથી ૪૭ લાખ પડાવ્યા

## FD તોડવા જતાં બેન્ક મેનેજરે શંકા જતાં પૂછપરછ કરી જેથી દોઢ કરોડ બચી ગયા : યુવાનને તેની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં આ સંદર્ભે સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરી

રાજકોટ, તા. ૧૪
રાજ્યભરમાં સાયબર ફ્રોડ અટકાવવા ઝુંબેશ ચાલી રહી છે આ વચ્ચે ડિજિટલ એરેસ્ટની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં લાખોની ઠગાઈ થઈ છે. સાયબર ગઠિયાઓનો આતંક ચિંતાજનક સ્તરે વધી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી દેશભરમાં નિવૃત્ત અને વૃદ્ધોને નિશાન બનાવીને રૂપિયા પડાવવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે, જેમાં 'ડિજિટલ એરેસ્ટ'ની મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ સામાન્ય બન્યો છે. આવી જ એક ચોંકાવનારી ઘટનામાં, કલોલ ખાતે રહેતા એક નિવૃત્ત શિક્ષિકાને સાયબર ગઠિયાઓએ પાંચ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરીને તેમના બેંક ખાતામાંથી અધધધ ૪૭ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હોવાનું બહાર આવ્યું છે.

ફ્રોડની સંપૂર્ણ ઘટના જોઈએ તો કલોલમાં એકલા રહેતા આ નિવૃત્ત શિક્ષિકાને એક અજાણ્યો કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતે ટેલિકોમ વિભાગમાંથી આશિષકુમાર બોલતા હોવાનું જણાવ્યું અને ધમકી આપી કે તેમના આધાર કાર્ડનો ઉપયોગ કરીને મુંબઈમાં ફ્રોડ માટે સીમકાર્ડ ખરીદવામાં આવ્યું છે. ત્યારબાદ કોલને તાત્કાલિક મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના નકલી અધિકારીઓને ટ્રાન્સફર કરાવ્યો હતો.



નકલી અધિકારીઓએ વૃદ્ધાને એરલાઇનર નરેશ ગોયલના રૂ. ૩૫૮ કરોડના મની લોન્ડરિંગ કેસમાં શંકાસ્પદ ગણાવ્યા અને કહ્યું કે તેમના ખાતામાં આ કેસ સંબંધિત રૂપિયા ટ્રાન્સફર થયા છે. ગઠિયાઓએ વૃદ્ધાના વોટ્સએપ પર સુપ્રીમ કોર્ટનો સ્ટેમ્પ મારેલો બનાવટી એરેસ્ટ ઓર્ડર અને એફઆઈઆર મોકલ્યા હતા. પાંચ દિવસ સુધી વિડીયોકોલ પર સતત નજરકેદ રાખીને અને ધમકીઓ આપીને તેમના ખાતામાંથી ૪૭ લાખ રૂપિયા આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરાવી દીધા હતાં.

બીજી તરફ બેન્ક મેનેજરની સતર્કતાથી વધુ ૧.૫૦ કરોડ બચ્યા હતા ૪૭ લાખ પડાવ્યા બાદ પણ સંતોષ ન થતાં, એક નકલી CBI ડાયરેક્ટર કરણ શર્માએ વૃદ્ધા પર તેમની તમામ ફિક્સ ડિપોઝિટ (FD) તોડાવીને વધુ રૂ. ૧ કરોડ ૫૦ લાખ જમા કરાવવા દબાણ કર્યું હતું. સદનસીબે, વૃદ્ધા જ્યારે આ મોટી રકમ RTGS કરવા માટે બેન્કમાં ગયા ત્યારે બેન્ક મેનેજરે શંકા જતાં પૂછપરછ કરી હતી. મેનેજરે સતર્કતા દાખવીને દેશમાં ચાલી રહેલા આવા ફ્રોડ વિશે તેમને સમજાવ્યા, જેના કારણે વૃદ્ધા વધુ મોટી રકમ ગુમાવતા અટક્યા હતા. હાલમાં ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસે આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. પોલીસે સામાન્ય જનતાને આવા ફોન કોલથી સાવચેત રહેવા અને તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશન અથવા સાયબર સેલમાં જાણ કરવા અપીલ કરી છે.

### મિત્રતાનો લાભ લઈને વિશ્વાસઘાતઃ આરોપીએ પૈસા પરત માંગતા જ ધમકીઓ આપી

# ટ્રાવેલ્સમાં ભાગીદારીના નામે ૨.૪૬ કરોડની ઠગાઈ

## યશ બેંકમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા રાજ યાદવની મિત્ર હેનીલ રાઠોડ વિરૂધ્ધ ડીસીબી પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા. ૧૪

શહેરના કોઠારીયા મેઈન રોડ પર રહેતા અને યશ બેંકમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા રાજ ગોરધનભાઈ યાદવ (ઉ.વ.૨૭) સાથે ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ધંધામાં ભાગીદાર બનાવવાની લાલચ આપી કુલ રૂ. ૨,૪૬,૬૨,૦૦૦ (બે કરોડ છેતાળીશ લાખ બાસઠ હજાર)ની જંગી રકમની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

આ કેસમાં ફરિયાદી રાજ ગોરધનભાઈ યાદવ છે, જે રાજકોટમાં યશ બેંકના આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. આરોપી હેનીલ હીતેષભાઈ રાઠોડ (ઉ.વ. ૨૯) છે, જેનો ધંધો ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો છે અને તે કરણપરા, રાજકોટ ખાતે રહે છે. ગુનાની રીત એવી હતી કે આરોપીએ ફરિયાદીને ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ધંધામાં પાર્ટનરશીપ આપવાની અને ઓફિસ બનાવી આપવાની ખાતરી આપીને વિશ્વાસમાં લીધો હતો. આ છેતરપિંડીનો સમયગાળો ૧૫/૦૧/૨૦૨૨ થી ઓગષ્ટ-૨૦૨૫ સુધીનો છે, જેમાં ફરિયાદી પાસેથી કુલ રકમ રૂ. ૨,૪૬,૬૨,૦૦૦ (બે કરોડ છેતાળીશ લાખ બાસઠ હજાર) પડાવી લેવામાં આવી હતી.



વધુ માહિતી મજબ ફરિયાદી રાજ યાદવનો પરિચય સને ૨૦૧૮માં તેના મિત્ર દ્વારા હેનીલ રાઠોડ સાથે થયો હતો. હેનીલે પોતે ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો દેશ-વિદેશમાં ફેલાયેલો હોવાનું જણાવી રાજ યાદવને રાજકોટમાં ઓફિસ ખોલી ભાગીદાર બનાવવાની ઓફર કરી હતી.

શરૂઆતમાં રાજ યાદવે કટકે-કટકે રૂ. ૧૦,૦૦,૦૦૦ રોકડા આપ્યા હતા, જેના બદલામાં દોઢેક લાખ રૂપિયા નફા તરીકે પરત પણ મળ્યા હતા. હેનીલે રાજને દુબઈ (ઓગસ્ટ-૨૦૨૩, માર્ચ-૨૦૨૪) અને ઈન્ડોનેશિયાના બાલી (એપ્રિલ-૨૦૨૪) ખાતે પણ ધંધાના વિકાસના બહાને લઈ જઈ ત્યાંની ઓફિસો બતાવી વિશ્વાસ કેળવ્યો હતો. વિશ્વાસમાં આવીને રાજ યાદવે અલગ-અલગ બેંક એકાઉન્ટોમાં, રોકડમાં, યુપીઆઈ અને આંગડિયા મારફતે કુલ રૂ. ૧,૭૯,૬૨,૦૦૦ આપ્યા હતા. આરોપી હેનીલે ધંધા માટે ઓનલાઈન ટ્રાન્ઝેક્શનની જરૂરિયાત જણાવી ફરિયાદી, તેના માતા-પિતા અને મિત્રોના અલગ-અલગ બેંકોના ક્રેડિટ કાર્ડ ધંધામાં વાપરવા માટે લીધા હતા. આ કાર્ડ્સમાંથી હેનીલે આશરે રૂ. ૩૦,૦૦,૦૦૦ ઉપાડી લીધા હતા, જેની રકમ બેંકમાં જમા ન થતા બેંક હવે ફરિયાદીના પરિવાર પાસે ઉઘરાણી કરી રહી છે.

વળી, આરોપીને આપેલા પૈસા કઢાવવા માટે રાજ યાદવે તેના માતાના ૯ તોલા સોનાના ઘરેણાં કિં. રૂ. ૯,૦૦,૦૦૦ ફાયનાન્સની ઓફિસે ગીરવે મૂકી લોન લીધી હતી અને તે રકમ પણ હેનીલને આપી દીધી હતી.

ફરિયાદીના નામ પર લેવાયેલી સ્કોડા સ્લાવિયા કાર. નં. ऋઉ૦૩ગઙ ૦૦૦૮ પણ આરોપી હેનીલ ત્રણ માસ બાદ લઈ ગયો હતો. આ કાર મિત્ર પાસે ગીરવે મૂકી રૂ. ૫,૦૦,૦૦૦ લીધા હતા. અગાઉના પૈસા પરત મેળવવાના લોભમાં ફરિયાદીએ આ કાર પર રૂ. ૬,૦૦,૦૦૦ની ટોપ-અપ લોન કરાવી તે રકમ પણ હેનીલને આપી દીધી હતી.

પૈસા પરત માંગવા માટે રાજ યાદવ અને તેના પિતા હેનીલના ઘરે ગયા ત્યારે આરોપીએ પૈસા આપવાની સ્પષ્ટ ના પાડી હતી. તેણે ફરિયાદીના પિતાને ધક્કો મારી મુઢ ઈજા પહોંચાડી હતી અને ધમકી આપી હતી કે, ''તારાથી થાય તે કરી લે, તુ અને તારા મમ્મી પપ્પા મરી જશો તો પણ હું તમારા રૂપીયા આપવાનો નથી. મારે પોલીસમાં ઘણી ઓળખાણ છે. હવે પછી રૂપીયા માંગવા આવ્યા છો તો હાથ પગ ભાગી નાખીશ અને એકેયને જીવવા રહેવા નહી દઉ.'' આરોપી વિરુદ્ધ રાજ યાદવે ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત, છેતરપિંડી અને ધમકી આપવાની ફરિયાદ નોંધાવતા પીઆઇ એમ.એલ. ડામોર સહિતની ટીમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખોડીયારનગરમાં ઘોડિપાસાના જુગાર ધામ પર PCB ત્રાટકી

## મુકેશ દયારામભાઈ વ્યાસ નાલ ઉઘરાવી પાટલો ચલાવતો હતોઃ ૭ શખ્સને ઝડપી લેવાયા

રાજકોટ, તા.૧૪

શહેર પોલીસની પીસીબી દ્વારા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા ખોડીયારનગર વિસ્તારમાં ચાલતા ઘોડી પાસાના જુગાર ધામ પર સફળ રેઈડ પાડવામાં આવી છે. પોલીસ કોન્સ્ટેબલ વાલજીભાઈ જીવાભાઈ જાડા અને હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ વી. ઝાલાને બાતમી મળી હતી કે એસ.ટી. વર્કશોપ પાછળ, ખોડીયારનગર ૧૭ કોર્નર, પાવર હાઉસ પાસે આવેલ મકાનમાં ગેરકાયદેસર રીતે જુગાર રમાડવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે, પી.એસ.આઈ. પી.બી. ત્રાજીયા સાહેબના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે આ સ્થળે કાર્યવાહી કરી હતી.



પોલીસે રેઈડ દરમિયાન મકાનના પહેલા માળેથી ઘોડી પાસા વડે રૂપિયાની હારજીતનો જુગાર રમતા ૭ ઇસમોને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા શખ્સોમાં મકાન માલિક અને જુગારની જગ્યા પૂરી પાડનાર મુકેશ દયારામભાઈ વ્યાસ (ઉ.વ. ૪૭, રહે. ખોડીયારનગર)નો સમાવેશ થાય છે, જેની પાસેથી નાલ પેટે ઉઘરાવેલા રૂ. ૩,૦૦૦ સહિત કુલ રૂ. ૭,૫૦૦ મળી આવ્યા હતા. અન્ય પકડાયેલા શખ્સોમાં અજય ઉર્ફે ગાંડો ભીખુભાઈ મકવાણા (ઉ.વ. ૨૪, રીક્ષા ડ્રાઈવર, રહે. સ્વાતીપાર્ક, કોઠારીયા રોડ), મહેશભાઈ ઉર્ફે સામત નાગજીભાઈ મુંધવા (ઉ.વ. ૨૯, રીક્ષા ડ્રાઈવર, રહે. હાઉસીંગ બોર્ડ ક્વાર્ટર), સાજીદ ઉંમરભાઈ સોરા (ઉ.વ. ૨૭, રીક્ષા ડ્રાઈવર, રહે. કોઠારીયા સોલવન્ટ), ધર્મેશ ઉર્ફે ધમો બીપીનભાઈ પરમાર (ઉ.વ. ૩૫, રીક્ષા ડ્રાઈવર, રહે. કોઠારીયા સોલવન્ટ), વિક્રમભાઈ કાળુભાઈ મીર (ઉ.વ. ૩૪, રીક્ષા ડ્રાઈવર, રહે. કોઠારીયા સોલવન્ટ), અને મેહુલ ચંદુગીરી મેઘનાથી (ઉ.વ. ૩૬, રીક્ષા ડ્રાઈવર, રહે. ખોડીયારનગર)નો સમાવેશ થાય છે.

આરોપીઓ પાસેથી વ્યક્તિગત અને જુગારના પટમાંથી મળીને કુલ રૂ. ૩૪,૮૦૦ રોકડા તથા જુગાર રમવાના સાધન તરીકે ઘોડી પાસાના બે નંગ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસ સબ ઇન્સ્પેકટર પી.બી. ત્રાજીયા સાહેબે તમામ મુદ્દામાલ કબજે કરી આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા કલમ ૪ અને ૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### રાજકોટ-અમદાવાદ હાઈવે, કુવાડવા ગામ પાસે, ક્રિષ્ના કાઠીવાડી હોટલ ક્રાઈમબ્રાંચ ત્રાટકી

# દારૂ ભરેલી કાર સાથે માજોઠીનગરનો રઝાક ઝડપાયો

## દારૂની ૭૨૦ બોટલ, કાર, મોબાઈલ મળી ૪.૫૭ લાખનો મુદ્દામાલ કબજે

રાજકોટ, તા.૧૪

રાજકોટના કુવાડવા નજીકના રોડ પરથી દારૂ ભરેલી કાર સાથે ક્રાઈમ બ્રાંચે માજોઠી નગરના રજાક ગુલાબ નોતીયાર ઝડપી લઈને ૪.૫૭ લાખનો મુદ્દામલ કબજે કર્યો છે. રઝાકની કબુલાત પરથી નવાગામના હુસેનની શોધખોળ આદરી છે.

મળતી વિગતો મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીય, એમ.એલ.ડામોર અનેસી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ ડી.સી.બીના પીએસઆઈ વી.ડી. ડોડીયાની ટીમનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ બોરીચા, જયરાજભાઈ કોટીલા અને પો. કોન્સ. વિશાલભાઈ દવેને મળેલી સંયુક્ત બાતમીના આધારે રાજકોટ-અમદાવાદ હાઈવે, કુવાડવા ગામ, ક્રિષ્ના કાઠીયાવાડી હોટલ સામે, રોડ ઉપર દરોડો પાડવામાં આવતા મારૂતી સુઝુકી સ્વીફ્ટ કારમાંથી ભારતીય બનાવટના




વિદેશી દારૂની ૭૨૦ બોટલ સાથે માજોઠીનગર શેરી નં.૧, દુધસાગર રોડ પર રહેતા રજાક ગુલાબ નોતીયારને ઝડપી લેવાયો હતો. રઝાકની આકરી પૂછપરછ કરતા દારૂ નવાગામના હુશેને મંગાવ્યો હોવાની કબુલાત આપી હતી. દરોડા દરમિયાન પોલીસે કાર, દારુ, મોબાઈલ મળી ૪.૫૭ લાખનો મુદ્દામાલ કબજે કરીને હુશેનની શોધખોળ આદરી છે. પોલીસના કહેવા મુજબ રઝાક અગાઉ કુવાડવા રોડ પોલીસ સ્ટેશન અને ડીસીબી પોલીસના ચોપડે ચડી ચુક્યો છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા, તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ભરત બી. બસીયા દ્વારા પ્રોહીબીશન પ્રવુંત્તિઓમાં સંડોવાયેલા તત્વોને પકડી પાડવાની અપાયેલી સુચના બાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ ગોંડલીયા, પોલીસ ઇન્સ્પેકટર ડામોર, જાદવ, પીએસઆઇ વી.ડો. ડોડીયા, એ.એસ.આઇ. અમીતભાઇ અગ્રાવત, દિગ્પાલસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ સંજયભાઇ રૂપાપરા, દિપકભાઇ ચૌહાણ, દિલીપભાઇ બોરીચા, રાજેશભાઇ જળુ, પ્રદિપસિહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, , પોલીસ કોન્સ્ટેબલ વિશાલભાઇ દવે દ્વારા રઝાકને ઝડપી લેવાયો હતો.

### ફોરેક્સ ટ્રેડિંગ અને ક્રિપ્ટોકરન્સીના બહાને સાયબર ફ્રોડથી રકમ મેળવાતી હતી

# દુબઈથી સંચાલિત ૯૪.૮૯ લાખના સાયબર ફ્રોડનો પર્દાફાશ

## જેતપુર સિટી પોલીસે ૯ને પકડયાઃ દુબઈ સ્થિત રાહુલ પટેલની શોધખોળ

રાજકોટ, તા. ૧૪

જેતપુર સિટી પોલીસે એક મોટી સફળતા હાંસલ કરતાં દુબઈથી સંચાલિત સાયબર ફ્રોડ રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ રેકેટ દ્વારા ફોરેક્સ ટ્રેડિંગ અને ક્રિપ્ટોકરન્સીના બહાને સાયબર ફ્રોડથી મેળવેલા કુલ રૂપિયા ૯૪,૮૯,૦૭૭ની રકમને ભારતમાં વિવિધ બેંક એકાઉન્ટ મારફતે સગેવગે કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં એકાઉન્ટ હોલ્ડર્સ, એજન્ટો અને રેકેટના સંચાલકો સહિત કુલ ૧૦ આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તાત્કાલિક નવ ઇસમોની ધરપકડ કરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ સાયબર ફ્રોડ રેકેટ દુબઈથી સંચાલિત થતું હતું. આરોપીઓ પોતાના આર્થિક લાભ માટે એજન્ટો અને સબ-એજન્ટો મારફતે નજીવી લાલચ આપીને ભારતમાં બેંક એકાઉન્ટ હોલ્ડરોને શોધી કાઢતા હતા.






ફ્રોડ દ્વારા મેળવેલા નાણાં આ ''મ્યુલ બેંક એકાઉન્ટ્સ'' માં ટ્રાન્સફર કરવામાં આવતા હતા, અને ત્યારબાદ ચેક, અઝખ કે ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા રકમ વિડ્રો કરીને આંગડિયા મારફતે દુબઈ સુધી પહોંચાડવાની વ્યવસ્થા હતી. આ રકમનું ટ્રાન્ઝેક્શન મુખ્યત્વે ફોરેક્સ ટ્રેડિંગ અને ક્રિપ્ટોકરન્સીના માધ્યમથી થતું હતું.

ભારત સરકારના Indian Cyber Crime Coordination Center નવી દિલ્હી તરફથી મ્યુલ બેંક એકાઉન્ટ ની માહિતી મળ્યા બાદ રાજકોટ રેન્જના પોલીસ મહાનીરીક્ષક અશોકકુમાર યાદવ અને રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરની સૂચના હેઠળ જેતપુર સિટી પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. પરમાર અને સાયબર સેલની ટીમોએ તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. જ્અખઅગટઅઢઅ અને NCCRP પોર્ટલના ડેટાના આધારે તપાસ કરતાં, પોલીસે પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરાં હેઠળ આચરવામાં આવેલા આ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

કુલ ૧૦ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૩૧૬(૫), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪, અને ૩૧૭(૨) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પકડાયેલ આરોપીઓના નામ. દિપસન જેન્તીભાઇ ગોહેલ (રહે. જેતપુર), વરૂણ કાનાભાઇ લુણી (રહે. જેતપુર), ઉમેશ રવજીભાઇ ભોજૈયા (રહે. જેતપુર), પ્રકાશ મગનભાઇ રાઠોડ (રહે. જેતપુર), શાહીલ કાનજીભાઇ જાડેજા (રહે. જેતપુર), પ્રદીપ ભરતભાઇ બાયલ (રહે. જેતપુર), પાર્થીવ કિશોરભાઇ ગોવાણી (રહે. જેતપુર), કેવલ જેન્તીભાઇ સીતાપરા (રહે. ચાંપરાજપુર, તા. જેતપુર) અને હર્ષદ હેમરાજભાઇ દેસાઇ (રહે. જુનાગઢ, મૂળ અમદાવાદ) છે. દુબઈના ''મનખુલ એરીયા, બર દુબઇ'' ખાતે રહેતા રાહુલ પટેલ સહિત એક આરોપીને ઝડપવાના બાકી છે.

પોલીસે આરોપીઓ પાસેથી અલગ-અલગ કંપનીના ૧૦ જેટલા મોંઘાદાટ એન્ડ્રોઇડ અને એપલ મોબાઇલ ફોન સહિત કુલ રૂ. ૨,૫૦,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

જેતપુર સિટી પોલીસ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે, નજીવી લાલચમાં આવીને પોતાનું બેંક એકાઉન્ટ, ચેકબુક, અઝખ કાર્ડ કે સિમ કાર્ડ કોઈ અજાણ્યા વ્યક્તિને વાપરવા માટે આપવું નહીં. જો કોઈ વ્યક્તિ તમારા એકાઉન્ટમાં પૈસા જમા કરાવે તો તેને વિડ્રો કરી આપશો નહીં, કારણ કે તે ફ્રોડથી મેળવેલા નાણાં હોઈ શકે છે. પોલીસે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો કોઈ વ્યક્તિ પોતાના બેંક દસ્તાવેજોનો ઉપયોગ અન્ય કોઈને કરવા દેશે, તો તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.સતર્ક રહો, સુરક્ષિત રહો. આ ગુનાનો ભોગ બનેલ અન્ય કોઈ વ્યક્તિ હોય તો તાત્કાલિક જેતપુર સિટી પોલીસનો સંપર્ક કરવા વિનંતી છે.

SAY NO TO DRUGS મિશન હેઠળ આજીડેમ પોલીસને મોટી સફળતા

# અણીયારામાંથી ૧.૧૧ કરોડનું ગાંજાનું વાવેતર પકડાયું

## ખેડૂતના સ્વાંગમાં નશાનો કારોબારઃ ઘઉં અને તુવેરના પાકની વચ્ચે ગાંજાની ખેતી કરનાર શખ્સ પોલીસની ગિરફ્તમાંઃ દેણું થઈ જતાં દોઢ વર્ષથી ગાંજો ઉગાડતો હતો ખેડૂતઃ ડીસીપી હેતલ પટેલે જણાવી વિગતો






રાજકોટ, તા. ૧૪
શહેરમાં યુવાધનને નશાના રવાડે ચડતું અટકાવવા અને નાર્કોટીક્સના દૂષણને ડામવા માટે શહેર પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા "SAY NO TO DRUGS" મિશન અંતર્ગત આજીડેમ પોલીસને મોટી સફળતા સાંપડી છે. પોલીસે અણીયારા ગામની સીમમાં એક વાડીમાં દરોડો પાડી ખેતીના પાકની આડમાં છુપાવેલો ૧ કરોડ ૧૧ લાખથી વધુની કિંમતનો ગાંજાનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે.

શહેરમાં માદક પદાર્થોનું વેચાણ અટકાવવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાના અનુસંધાને આજીડેમ પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ, પો. હેડ કોન્સ. સંજયરાજભાઈ બારોટ અને પો. કોન્સ. દેવાભાઈ ધરજીયાને સંયુક્ત બાતમી મળી હતી કે અણીયારા ગામની સીમમાં, ઢાંઢણી ગામ તરફ જતા કાચા રસ્તે આવેલી નાથાભાઇ ભીમાભાઇ સીંધવની વાડીમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલી રહી છે. બાતમીના આધારે પોલીસે વાડીમાં દરોડો પાડ્યો હતો. ત્યાં હાજર આરોપી હના સવાભાઇ ગાબુ (ઉ.વ.૪૮, રહે. અણીયારા, મૂળ રહે. સાલખડા, તા.ચોટીલા) એ પોતાના કબ્જાની આ વાડીમાં ઘઉં અને તુવેરનું વાવેતર કર્યું હતું. પોલીસે ખેતરમાં સઘન તપાસ કરતાં, તુવેરના પાકની વચ્ચે અત્યંત ચાલાકીપૂર્વક છુપાવીને ઉગાડેલા લીલા ગાંજાના નાના-મોટા કુલ ૬૪ છોડ મળી આવ્યા હતા. આ ઉપરાંત, સુકો અને ભેજયુક્ત ગાંજાનો ૬૦ કિલોથી વધુનો તૈયાર જથ્થો પણ મળી આવ્યો હતો. પોલીસે ખેડૂતના સ્વાંગમાં નશાનો કાળો કારોબાર ચલાવતા આરોપી હનાભાઇ ગાબુની ધરપકડ કરી છે અને તેની સામે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આટલા મોટા પ્રમાણમાં ગાંજાનું વાવેતર કોના કહેવાથી કર્યું હતું અને આ જથ્થો ક્યાં સપ્લાય કરવાનો હતો તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી હતી. એક કરોડ અગિયાર લાખનું આ વાવેતર હતું. ગાંજાનું બિયારણ આ ખેડૂત ચોટીલા રહેતા કાકા પાસેથી લાવી ગાંજો પણ ત્યાં જ આપતો હતો. દોઢ વર્ષથી ગાંજાનું વાવેતર કરતો હતો.

પોલીસે સ્થળ પરથી તપાસ કરીને વાવેતર કરનાર આરોપીની તાત્કાલિક ધરપકડ કરી હતી. દરોડા દરમિયાન, પોલીસને ખેતરમાંથી ગાંજાના કુલ ૬૪ છોડ મળી આવ્યા હતા, અને ભીનો તેમજ સૂકો મળીને કુલ ૨૨૩ કિલોગ્રામ જેટલો ગાંજાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે જપ્ત કરેલા આ સમગ્ર મુદ્દામાલની કિંમત આશરે ૧ કરોડ ૧૧ લાખ ૭૦ હજાર જેટલી આંકી છે, જેને લઈ પોલીસે આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ મોટો ખુલાસો કર્યો હતો. આરોપીએ કબૂલ્યું કે દેવું થઈ જતાં તે છેલ્લા દોઢ વર્ષથી ગાંજાની ખેતી કરતો હતો. આ ગેરકાયદેસર ખેતી કરવા માટે તેને તેના કાકાએ પ્રેરણા આપી હતી અને ગાંજાનું બીજ પણ પૂરું પાડ્યું હતું. આરોપીએ એ પણ સ્વીકાર્યું કે તે ગાંજાનો તૈયાર થયેલો જથ્થો ચોટીલા વિસ્તારમાં રહેતા તેના કાકાને જ આપતો હતો. આરોપી કુલ ૧૪ વીઘા જેટલી જગ્યામાં ગાંજાની ખેતી કરતો હોવાનું પણ કબૂલ્યું છે. પોલીસે હવે આરોપીના સાળાને ઝડપી પાડવા અને આ ખેતીમાં જમીન માલિકની કોઈ ભૂમિકા છે કે કેમ તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, આ પહેલાં ૨ દિવસ પૂર્વે હળવદના બાલાસિનોર તાલુકાના રંજોયણ ગામના એક યુવાન પાસેથી પણ પોલીસે ૨.૩૭ કરોડ નો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૧ હેતલ પટેલ તથા મદદનીશ પોલીસ કમિશ્નર પુર્વ વિભાગ બી.વી.જાધવની સૂચના અંતર્ગત આજીડેમ પોલીસ મથકના ઈન્સ.એ. બી.જાડેજા તથા પો.સબ.ઈન્સ પી.કે.ગામેતી તથા પો.સબ.ઈન્સ એસ.વી.ગોહિલ તથા એ.એસ.આઇ હારૂનભાઇ ચાનીયા, રવિભાઇ વાંક, તથા પો.હેડ.કોન્સ સંજયરાજ બારોટ, પિયુષભાઇ ચીરોડીયા, દેવાંગભાઇ પાલા, અજયભાઇ જેસીંગભાઇ, હીતેશભાઇ અગ્રાવત, ધર્મેશભાઇ ધોરાળીયા તથા પો. કોન્સ દેવાભાઈ ધરજીયા, દિવ્યરાજસિંહ જાડેજા, મહેશભાઇ કોઠીવાળ, હરપાલસિંહ જાડેજા, ગોપાલભાઇ બોળીયા, કૃષ્ણવીરસિંહ ગોહિલ, લક્ષ્મણભાઇ મકવાણા, સવજીભાઇ હમીરભાઇ, તથા મહિલા પો.કોન્સ ધારાબેન મેઘાણી તથા એસ.ઓ.જી શાખાના એ.એસ. આઇ અરૂણભાઇ બાંભણીયાએ આ કામગીરી કરી હતી. પ્રાથમીક પરીક્ષણ કરી અભિપ્રાય એફ.એસ.એલ. અધિકારી કે. એમ. તાવીયાએ આપ્યો હતો.

# હોકીના ફાઈનલ મેચમાં પંજાબ પોલીસની ટીમનો વિજય

## ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ ફોર્સને ૪-૧થી હરાવી ૭૪મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપનું સમાપન



રાજકોટ, તા.૧૪
રાજકોટમાં ૭૪મી ઓલ ઇન્ડિયા પોલીસ હોકી ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આજે રવિવારે સમાપન સમયે પંજાબ અને ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ ફોર્સ વચ્ચે રમાયેલા ફાઈનલ મેચમાં પંજાબ પોલીસે બાજી મારી ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ ફોર્સને હરાવી હતી.

૪ ડિસેમ્બરથી શરૂ થયેલી આ ચેમ્પિયનશિપનો આજે અંતિમ દિવસ હતો અને આજે અંતિમ દિવસે રાજકોટ પોલીસ હેડ ક્વાટર ખાતે ક્લોઝિંગ સેરેમની પણ યોજવામાં આવી હતી, જેમાં રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટના મુખ્ય બે એવા મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોકી ગ્રાઉન્ડમાં ભવ્ય ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આજની ફાઇનલ મેચમાં ટીમની ભવ્ય જીત થવા પામી હતી. આજનીફાઇનલ મેચમાં ૪-૧થી પંજાબ પોલીસની ભવ્ય જીત થવા પામી છે.

સતત ૧૦ દિવસ અલગ-અલગ ૩૨ ટીમો વચ્ચે ૫૬ મેચ રમાઈ હતી, જેમાં યુપી અને આઈટીબીપી તેમજ પંજાબ અને બીએસએફની ટીમ વચ્ચે મેચ રમાઈ હતી.જેમાં પંજાબ અને આઈટીબીટી વિજય થતાં આજ રોજ બંને ટીમ વચ્ચે ફાઈનલ મેચ યોજાઈ હતી. જેનો પ્રારંભ આ બપોરે ડીજીપી રાજુ ભાર્ગવ સહિતના અધિકારોઓ ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો.

રાજકોટ શહેરના રેસકોર્સ મેદાન સ્થિત મનપા સંચાલિત મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ખાતે ૭૪મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ટુર્નામેન્ટની ફાઇનલ મેચ ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ ફોર્સ અને પંજાબ પોલીસ વચ્ચે ફાઇનલ મેચ રમાઈ હતી. જેમાં બન્ને ટીમના ખેલાડીઓએ જીત માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. જો કે રોમાંચક મેચના અંતે ૪-૧ ગોલથી પંજાબ પોલીસ ટીમનો ભવ્ય વિજય થયો હતો. ઉલ્લેખનીય છે કે આજની ફાઇનલ મેચમાં પંજાબની ટીમમાં નેશનલ કક્ષાએ હોકી રમતમાં જાણીતા ત્રણ-ત્રણ ખેલાડી રમતા નજરે પડ્યા હતા, જેમાં આકાશદીપ, શમશેરસિંઘ અને ધરમવીરસિંઘનો સમાવેશ થાય છે.

ગેરકાયદે લાઈટ-લાઈન ફિશિંગ સામે કરાઈ કાર્યવાહી

# સોમનાથના દરિયામાં મરીન પોલીસનું સરપ્રાઈઝ ચેકિંગ

રાજકોટ, તા.૧૪
ગુજરાતમાં દરિયાઈ સુરક્ષા પર પણ હવે સઘન સુરક્ષાની ખાતરી કરાઇ રહી છે. જેના ભાગરૂપે અરબી સમુદ્રમાં સુરક્ષા એજન્સીઓ દ્વારા ગેરકાયદે લાઈટ અને લાઇન ફિશિંગ સામે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું છે. ગીર સોમનાથમાં ફિશિંગ બોટના ટંડેલ અને ખલાસીઓની પુછપરછ હાથ ધરાઈ છે.

મહત્વનું છે કે ગઇકાલે (૧૩ ડિસેમ્બર) ગુજરાત મત્સ્ય ઉદ્યોગ અધિનિયમ મુજબ ગીર સોમનાથ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં દરીયાઇ પેટ્રોલિંગ દરમ્યાન ગેરકાયદેસર એલોઝન એલ.ઇ.ડી. લાઇટો રાખી લાઇટ ફિશિંગ કરતા ૪ બોટ માલિકો/સંચાલકો વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. જે બાદ આજે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું.

આ ચેકિંગનો મુખ્ય હેતુ ગેરકાયદે લાઇટ ફિશિંગ અને લાઇન ફિશિંગ પ્રવૃત્તિઓ સામે



એક્શન લેવાનો છે. મહત્વનું છે કે ગીર સોમનાથ જિલ્લામાં ૧૧૨ કિમી લાંબો દરિયાઇ વિસ્તાર ધરાવે છે. તેમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવી પણ એક પડકારરૂપ છે. ત્યારે આજે (૧૪ ડિસેમ્બર)ના રોજ જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી ક્યુઇ, જ્યઘ્રક્ષ અને મરીન પોલીસની સંયુક્ત ટીમોએ દરિયાની અધવચ્ચે ફિશિંગ બોટોમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું.

જેમાં બોટમાં કોઈ ગેરકાયદે સાધન, સામગ્રી અથવા શંકાસ્પદ ગતિવિધિ છે કે કેમ તેની તપાસ કરવામાં આવી હતી બાદમાં ફિશિંગ બોટના ટંડેલ અને ખલાસીઓની પૂછપરછ કરવામાં આવી હતી. આ સરપ્રાઈઝ ચેકિંગએ બાબત પણ સૂચવે છે કે દેશની દરિયાઈ સુરક્ષા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. સુરક્ષા એજન્સીઓ હાલ સતર્ક છે અને જરૂર જણાય ત્યારે આવી જ રીતે ફરી સરપ્રાઈઝ ચેકિંગની તૈયારીમાં પણ છે.

# PM નિવાસ સ્થાને યોજાઈ બેઠક

## મુખ્યમંત્રી સહિતના નેતાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી-અમિત શાહને મળ્યા

રાજકોટ, તા.૧૪
ગુજરાતમાં ભાજપના નવા અધ્યક્ષની નિમણૂક બાદ રાજ્ય સરકારમાં નવા મંત્રી મંડળની રચના કરવામાં આવી છે. હવે રાજ્યમાં ભાજપના સંગઠનના વિસ્તરણ અંગે ચર્ચાઓ તેજ બની છે. વડાપ્રધાન નિવાસ સ્થાન ખાતે આજે ગુજરાત ભાજપના સંગઠન અંગે બેઠક યોજાઈ હતી. ગુજરાતમાં ભાજપના નવા અધ્યક્ષની નિમણૂક બાદ રાજ્ય સરકારમાં નવા મંત્રી મંડળની રચના કરવામાં આવી છે. હવે રાજ્યમાં ભાજપના સંગઠનના વિસ્તરણ અંગે ચર્ચાઓ તેજ બની છે. વડાપ્રધાન નિવાસ સ્થાન ખાતે આજે ગુજરાત ભાજપના સંગઠન અંગે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંગઠન અંગે ચર્ચાઓ કરાઈ હતી. જેમાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સહિતના નેતાઓ હાજર રહ્યા હતાં.

ભાજપના સુત્રોના જણાવ્યા પ્રમાણે આ બેઠકમાં ગુજરાત ભાજપના નવા માળખાને લઈને ચર્ચાઓ કરાઈ હતી. નવી ટી મમાં



પ્રાદેશિક જાતિ સમીકરણોને ધ્યાનમાં રાખવામાં આવે તેવો નિર્ણય લેવાયો હોવાની વિગતો પણ સુત્રો જણાવી રહ્યાં છે. કેટલાક જૂના ચહેરાઓને બાકાત રખાત તેવી પણ શક્યતાઓ છે.નવા અને યુવા ચહેરાઓને પ્રાધાન્ય આપવા પણ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી. આ ઉપરાંત ભાજપની ટીમમાં મહિલાઓને પણ પ્રાધાન્ય અપાય તેવી પણ શક્યતાઓ છે. દિલ્હીમાં વડાપ્રધાન નિવાસસ્થાન ખાતે અઢી કલાક સુધી બેઠક ચાલી હતી.

અગાઉ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દિલ્હી દોડી ગયા હતાં. ત્રણેય નેતાઓ એક સાથે દિલ્હી જતાં ગુજરાત ભાજપમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ હતી. ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર સાથે પણ તેમને મુલાકાત કરી હતી. ત્યાર બાદ વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સમક્ષ ત્રણેય નેતાઓએ સંગઠનને લઈને ચર્ચાઓ કરી હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું.